RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 | Issue : 246 | Dt. 22-03-2025 | Page : 08 | Price : Rs 3




**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# અમેરિકાએ ભારત ઉપર નથી લગાવ્યું વધુ ટેરિફ

## બંને દેશોએ ૨૦30 સુધીમાં યુએસ-ભારતના વેપારને બમણો કરતાં વધુ એટલે કે ૫૦૦ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે

નવીદિલ્હી, તા. ૨૧

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ભારત સહિત કેટલાક દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની વાત કરી હતી. આ અંગે વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી અમેરિકા દ્વારા ભારત પર કોઈ ચોક્કસ દેશ આધારિત અથવા પારસ્પરિક ટેરિફ લાદવામાં આવ્યા નથી. જોકે, અમેરિકાએ તમામ દેશોમાંથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર વધારાની ડ્યુટી લગાવી છે, જેમાં કોઈ દેશને છૂટ આપવામાં આવી નથી. જિતિન પ્રસાદે રાજ્યસભામાં કહ્યું કે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ યુએસ દ્વારા જારી કરાયેલા 'પારસ્પરિક વેપાર અને ટેરિફ' મેમોરેન્ડમ હેઠળ, યુએસ કોમર્સ સેક્રેટરી અને વેપાર પ્રતિનિધિને તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે કે બિન-પારસ્પરિક વેપાર વ્યવસ્થાઓને કારણે અમેરિકાને કેટલું નુકસાન થઈ રહ્યું છે. આ સંદર્ભે, દરેક વ્યવસાય ભાગીદાર માટે વિગતવાર અહેવાલો અને સંભવિત ઉકેલો તૈયાર કરવા સૂચનાઓ આપવામાં આવી છે. તેના આધારે અમેરિકા કોઈપણ સંબંધિત કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરી શકે છે.

મંત્રીએ કહ્યું કે વધારાની ડ્યુટીની અસરની નજીકથી તપાસ કરવામાં આવી રહી છે, કારણ કે અગાઉ કેટલાક મોટા નિકાસ કરતા દેશોને આવી ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી હતી, પરંતુ આ વખતે આવી કોઈ છૂટ આપવામાં આવી નથી. ભારત પર તેની સંભવિત અસરોની નજીકથી સમીક્ષા કરવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે અમેરિકી સંસદને સંબોધિત કરતા



ટ્રમ્પે કહ્યું હતું કે ચીન, મેક્સિકો અને કેનેડાની સાથે ભારત પણ અમેરિકા પર ભારે ટેરિફ લાદે છે જે યોગ્ય નથી. ટ્રમ્પે ઔપચારિક રીતે ટેરિફ લાગુ કરવાની તારીખ પણ નક્કી કરી હતી, જે એપ્રિલ ૨, ૨૦૨૫ છે. બે વખત ભારતનું નામ લેતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત આપણા પર ૧૦૦ ટકા ટેરિફ લાદે છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ૨ એપ્રિલથી અમેરિકા પણ તે જ દેશો પર સમાન ટેરિફ લાદશે જે અમેરિકા પર ટેરિફ લાદે છે, ન તો વધુ કે ન તો ઓછા. તેમણે એમ પણ કહ્યું કે અમારી યોજના ૧ એપ્રિલના રોજ પારસ્પરિક ટેરિફ લાગુ કરવાની હતી, પરંતુ હું તેને એપ્રિલ ફૂલ ડે સાથે જોડવા માંગતો ન હતો.

સરકારે સ્પષ્ટ કર્યું કે ભારત અમેરિકા સાથે વેપાર વધારવા માંગે છે. મંત્રીએ કહ્યું હતું કે બંને દેશોએ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. 'મહત્વાકાંક્ષી મિશન ૫૦૦' હેઠળ, બંને દેશોએ ૨૦30 સુધીમાં યુએસ-ભારતના વેપારને બમણો કરતાં વધુ એટલે કે ૫૦૦ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. આ વિવિધ ક્ષેત્રોમાં વેપાર સંબંધોને ગાઢ બનાવીને પ્રાપ્ત કરી શકાય છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે બંને દેશો પરસ્પર લાભદાયી, દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરવા માટે પ્રતિબદ્ધ છે. આ કરાર હેઠળ બજારની પહોંચ વધારવા, ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઘટાડવા, સપ્લાય ચેઇન એકીકરણ વધારવા અને દ્વિપક્ષીય રીતે મુખ્ય વેપાર મુદ્દાઓને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

નોંધનીય છે કે ગુરુવારે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત સાથે તેમના ઘણા સારા સંબંધો છે, પરંતુ તેમની એકમાત્ર સમસ્યા એ છે કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લગાવનારા દેશોમાંનો એક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ માને છે કે ભારત તે ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરશે, પરંતુ ૨ એપ્રિલથી શરૂ કરીને, અમે તેમની પાસેથી તે જ ટેરિફ વસૂલ કરીશું જે તેઓ અમારી પાસેથી વસૂલશે. આમ, ભારતીય સરકારે ટ્રમ્પની આ ધમકીનો રાજ્યસભામાં જવાબ આપ્યો છે અને પોતાના વેપાર સંબંધોને મજબૂત કરવાની વાત દોહરાવી છે.

# જલ જીવન મિશનમાં ગેરરીતિની બૂ : પાટીલ

## ૧૨ રાજ્યોના ૨૫૬ અધિકારીઓ સામે તપાસ શરૂ : કેન્દ્ર જળ સંસાધનોને વિકસિત કરવા રાજ્યોની કરી રહી છે મદદ

નવીદિલ્હી, તા. ૨૧.

જલ શક્તિ મંત્રી સીઆર પાટીલે શુક્રવારે લોકસભામાં જણાવ્યું હતું કે જલ જીવન મિશનમાં કેટલીક ગેરરીતિઓની ફરિયાદો સાચી છે. તેમણે સ્વીકાર્યું કે સામેલ ૧૨ રાજ્યોના અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જલ શક્તિ મંત્રાલય માટે અનુદાનની માંગ પરની ચર્ચાના જવાબમાં મંત્રીએ કહ્યું કે અનિયમિતતા અંગે સાંસદોની કેટલીક ફરિયાદો સાચી છે. તેમણે કહ્યું કે, 'ભાજપ શાસિત રાજ્ય હોય કે બિન-ભાજપ શાસિત રાજ્ય, અમે કોઈને બક્ષ્યા નથી.' તેમણે કહ્યું કે ૨૫૬ અધિકારીઓ સામે તપાસ શરૂ કરવામાં આવી હતી અને ૨૬,૪૫૫ વિભાગીય કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. પાટીલે કહ્યું કે મંત્રાલય કોઈપણ ગેરરીતિ, વર્તમાન અથવા ભૂતકાળ માટે જવાબદારી સ્થાપિત કરશે. તેમણે તમામ સાંસદોને કોઈપણ ફરિયાદ લેખિતમાં આપવા અથવા તેમની સાથે વાત કરવા કહ્યું જેથી કાર્યવાહી થઈ શકે.

મંત્રીએ કહ્યું કે પાણી રાજ્યનો વિષય હોવા છતાં, કેન્દ્ર રાજ્યોને મજબૂત કરવા અને તેમને જળ ક્ષેત્ર માટે સંસાધનો પ્રદાન કરવા માટે કામ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે જલ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું ત્યારે નળના પાણીની પહોંચ ધરાવતા પરિવારોની ટકાવારી ૨૦૧૯માં ૧૭% થી વધીને આ વર્ષે ૮૦% અથવા ૧૫ કરોડ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે સરકાર નદી-જોડાણ પ્રોજેક્ટ્સ માટે રાજ્યો વચ્ચે સર્વસંમતિ બનાવવા પર કામ કરી રહી છે. કેન-બેતવા લિંકિંગ પ્રોજેક્ટ પર તેમણે કહ્યું કે કામ ૨૦30 સુધીમાં પૂર્ણ થઈ જશે. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ગંગામાં પાણીની ગુણવત્તામાં સુધારો થયો છે, જેના કારણે ડોલ્ફિન જોવા મળી રહી છે.

એકંદરે, તેમણે કહ્યું કે 30 નદીઓને એકબીજા સાથે જોડવા માટે ઓળખવામાં આવી છે અને તેમાંથી ૧૧ માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

મંત્રીના જવાબ પહેલા, ઘણા વિપક્ષી સાંસદોએ જલ જીવન મિશનની પ્રગતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. કોંગ્રેસના સાંસદ પ્રભા મલ્લિઆર્જુને કહ્યું કે પાણીનું સ્તર ઘટી રહ્યું છે અને લાખો લોકો પીવાના પાણીથી વંચિત છે.

# રાષ્ટ્રગીતના અપમાન બદલ નીતીશકુમાર વિરુદ્ધ ફરિયાદ

## ૨૮ માર્ચના રોજ હાથ ધરાશે સુનાવણી : વિડીયો ઝડપથી થઈ રહ્યો છે વાયરલ

નવીદિલ્હી, તા. ૨૧

એડવોકેટ સૂરજ કુમારે બિહારના સીએમ નીતિશ કુમાર વિરુદ્ધ ઈસ્ટ્રુખ, મુઝફ્ફરપુરની પશ્ચિમી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. ખરેખર, એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રગીતનું અપમાન કરવા બદલ નીતિશ કુમાર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સીએમ નીતિશ કુમારનો કાર્યક્રમ દરમિયાનનો એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ અંગેનો મામલો કોર્ટમાં આવ્યો હતો. વાસ્તવમાં, રાજધાની પટનામાં એક સ્પોર્ટ્સ ઈવેન્ટના ઉદઘાટન સમયે દરેક વ્યક્તિ રાષ્ટ્રગીત માટે ઉભા હતા અને રાષ્ટ્રગીત દરમિયાન મુખ્યમંત્રીએ પત્રકારોનું અભિવાદન કરવાનું શરૂ કર્યું અને તેમની બાજુમાં ઉભેલા વરિષ્ઠ અધિકારીને પણ ઈશારો કર્યો, જેના માટે મુઝફ્ફરપુરના એડવોકેટ સૂરજ કુમારે રાષ્ટ્રગીતની કલમ ૩૫૨ અને ૨૯૮ હેઠળ કેસ દાખલ કર્યો છે. કોર્ટે સુનાવણીની તારીખ ૨૮ માર્ચ નક્કી કરી છે. આ કેસમાં વકીલ કમ ફરિયાદી સૂરજ કુમારે જણાવ્યું હતું કે, પટનામાં ઉદઘાટન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમાર મુખ્ય અતિથિ તરીકે આવ્યા હતા. દરમિયાન રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પરંતુ એવું જોવા મળ્યું કે સીએમ નીતિશ કુમાર વિચિત્ર વર્તન કરી રહ્યા હતા અને તે સમયે રાષ્ટ્રગીત ગાવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન તેણે ઘણા લોકોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. આવું કૃત્ય કરવું એ ભારતના બંધારણ અને રાષ્ટ્રગીતના નિયમોનું અપમાન છે, આનાથી દુઃખી થઈને મેં ઈઉંખ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. તેને સ્વીકારીને કોર્ટે સુનાવણીની તારીખ ૨૮ માર્ચ ૨૦૨૫ નક્કી કરી છે.



# દિલ્હી હાઈકોર્ટના જજના નિવાસ્થાને રોકડ મળ્યાનો દાવો પોકળ

## ફાયર સર્વિસના વડા અતુલ ગર્ગે દાવાઓને ફગાવી દીધા અને સ્પષ્ટતા કરી કે આગ ઓલવતી વખતે કોઈ રોકડ રકમ મળી ન હતી

નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના લ્યુટિયન્સ દિલ્હીમાં સત્તાવાર નિવાસસ્થાને રોકડ મળવાના મામલામાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. કારણ કે, ફાયર વિભાગે રોકડ મળવાના દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. દિલ્હી ફાયર સર્વિસ (ઉસ્ર્સ્ર)ના વડા અતુલ ગર્ગે શુક્રવારે આ દાવાઓને ફગાવી દીધા હતા અને સ્પષ્ટતા કરી હતી કે ''અગ્નિશામક દળના કર્મચારીઓને આગ ઓલવતી વખતે કોઈ રોકડ રકમ મળી ન હતી.'' ફાયર ઓફિસર ગર્ગના જણાવ્યા અનુસાર, ૧૪ માર્ચે રાત્રે ૧૧:૩૫ વાગ્યે લ્યુટિયન્સ દિલ્હીમાં જસ્ટિસ વર્માના નિવાસસ્થાને આગની જાણ થઈ હતી, ત્યારબાદ બે ફાયર એન્જિન તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનો ૧૧:૪૩ વાગ્યા સુધીમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

આગ એક સ્ટોર રૂમમાં લાગી હતી, જ્યાં સ્ટેશનરી અને ઘરવખરીનો સામાન રાખવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આગ ૧૫ મિનિટમાં કાબૂમાં આવી ગઈ હતી અને કોઈ જાનહાનિ થઈ નથી.

અધિકારી અતુલ ગર્ગે કહ્યું, ''આગ ઓલવ્યા બાદ તરત જ અમે પોલીસને ઘટનાની જાણ કરી. ત્યાર બાદ અમારી ટીમ ત્યાંથી રવાના થઈ ગઈ. અમારા ફાયર ફાઈટરોને આગ બુઝાવવા દરમિયાન કોઈ રોકડ રકમ મળી ન હતી.'' મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના નેતૃત્વ હેઠળની સુપ્રીમ કોર્ટ કોલેજિયમે રોકડ મેળવવાના આરોપોની પ્રાથમિક તપાસ શરૂ કરી છે, જે અંતર્ગત દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પાસેથી પ્રારંભિક અહેવાલ માંગવામાં આવ્યો છે.

દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પોતાનો તપાસ અહેવાલ ભારતના મુખ્ય ન્યાયાધીશને સોંપશે. આ પછી રિપોર્ટની સમીક્ષા કરીને આગળની જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટ દ્વારા સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું. જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા સંબંધિત મામલાની તપાસ શરૂ કરનાર સૌ પ્રથમ હતા. સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે આ મામલે અનેક પ્રકારની અફવાઓ અને ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે, જેનાથી બચવાની જરૂર છે.



ઈમરાને ઈકબાલ નામ ધારણ કર્યુ અને નવાબે નામ રાખ્યું કૃણાલ જોશીઃ ઈકબાલે કસ્ટમ ઓફિસરના નામે પણ વાત કરી હતી

# સસ્તામાં સોનાના નામે યુવાનને અઠ્ઠાવીસ લાખનો ચૂનો લગાડાયો

## ભુજની ટોળકીએ કર્ણાટકના યુવાનને આબાદ છેતર્યો, છેલ્લે મારી નાખવાની ધમકી પણ આપીઃ પોલીસે શરૂ કરી ટોળકીની શોધખોળ




રાજકોટઃ ગઠીયાગીરીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. કોણ કોને કઇ રીતે છેતરી જાય તે ખબર પડતી નથી. સસ્તા સોનાના નામે લાખોની ઠગાઇનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં ચીટરોએ એક યુવાનને છેક કર્ણાટકથી કચ્છ ભુજ બોલાવી સસ્તામાં સોનુ આપવાના નામે તેના અઠ્ઠાવીસ લાખ પંચોતેર હજાર પડાવી લીધા છે. ટોળકીએ હજુ થોડા મહિના પહેલા જ આ રીતે જ પંચાવન લાખની ઠગાઇ કરી હતી. ત્યાં વધુ એક નવો કિસ્સો સામે આવતાં પોલીસ દોડતી થઇ છે.

વિગતો પર નજર કરીએ તો ભુજ શહેરના સસ્તા સોનાના ચિટરો બેફામ બન્યા છે તાજેતરમાં ગુજસીટોકનું શસ્ત્ર પણ ઉગામવામાં આવ્યું હતું તેમ છતાં વધુ એકવાર ઠગાઈના ગુનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. કર્ણાટકના યુવાનને બજાર કરતા સસ્તું સોનું આપવાનું કહી આઠ મહિનામાં ૫૩.૫૫ લાખ પડાવી લેવામાં આવ્યા હતા.જોકે શંકા જતા રૂપિયા પરત માંગ્યા હતા જેમાં ૨૮.૭૫ લાખ પરત ન મળતા બે શખ્સો સામે છેતરપીંડીની ફરિયાદ દાખલ થઇ છે. વધુ માહિતી અનુસાર કર્ણાટકના નિઝામુદ્દીન અબ્દુલરહેમાન સાબે ભુજ બી ડિવિઝનમાં જણાવ્યું કે, આઠ મહિના પહેલા તેને ફેસબુકમાં કૃણાલ જોશી નામની આઈડી પરથી રિક્વેસ્ટ આવી હતી.જેમાં તેણે બજાર કરતાં ૧૫ ટકા ઓછા ભાવે ૨૪ કેરેટ સોનુ આપવાની વાત કરી હતી વારંવારના આગ્રહને પગલે ૧૫ જુલાઈના ફરિયાદી ભુજ આવ્યા અને આરોપી વરના ગાડી નંબર જીજે ૧૨ એફડી ૬૯૭૫ લઈને આવ્યો અને તેના ભાઈ મોહમ્મદ ઈમરાન સાથે મુલાકાત કરાવી હતી. સોનાના બે બિસ્કીટ બતાવ્યા ત્યારે કર્ણાટકના યુવાને રસ દાખવતા પોતાના ઘરેથી આંગડિયા મારફતે ૫.૮૦ લાખ રૂપિયા મંગાવ્યા હતા. સોનાના બિસ્કીટ આપતી વખતે ઈમરાન ભાઈએ કહ્યું કે, હાલમાં પોલીસનું ચેકિંગ છે અને તમે મુંબઈ જાવ ત્યાં તમને સોનુ અપાવી દઈશ અને ફરિયાદીની મુંબઈની પ્લેનની ટિકિટ કરાવી આપી જ્યાં શાલીમાર હોટલ પાસે બોલાવીને સિગારેટના પેકેટમાં ૧૦૦ ગ્રામ સોનાનું બિસ્કીટ આપ્યું હતું.આ બિસ્કીટ યુવાને બજારમાં વેચી નાખ્યું જેથી તેને વિશ્વાસ આવી ગયો અને બાદમાં ઈમરાને ફોન કરીને કહ્યું કે તમે અડધો કિલો સોનું ખરીદશો તો સારો ફાયદો થશે. જેથી મકાનના પ્લોટ વેચી ૨૭.૨૫ લાખ રૂપિયા આંગડીયામાં મોકલ્યા હતા. આરોપીએ તમારા ગામની પાસે આવેલ ચંલગીરી ટોલનાકા પાસે નાયરા પેટ્રોલ પંપ નજીક કસ્ટમ ઓફિસર આવીને તમને અડધો કિલો સોનું અને બીલ આપી દેશે. સોનુ લેવા માટે આ યુવાન ગયો પણ કોઈ હાજર મળ્યું ન હતું. બે ત્રણ દિવસ રાહ જોઈ પરંતુ કસ્ટમ ઓફિસરનો ફોન આવ્યો ન હતો. જેથી પૂછપરછ કરતા ઈમરાને કહ્યું કે કસ્ટમ ઓફિસર સાડા પાંચ લાખ રૂપિયા માંગે છે. જેથી મિત્ર પાસેથી ઉછીના લઈ આંગડિયા મારફતે ૫.૫૦ લાખ રૂપિયા મોકલી આપ્યા હતા.

ત્યારબાદમાં કસ્ટમ ઓફિસર અને ઈમરાનનો ફોન સ્વીચ ઓફ આવ્યો જેથી કૃણાલ જોશીને ફોન કરતા તેણે કસ્ટમ ઓફિસરના ઘરે લગ્ન હોવાનું કહી સોનુ હું આપી જઈશ તેમ કહ્યું હતું.એક મહિના સુધી ફોન બંધ આવ્યો અને એક દિવસ ઈમરાને ફોન ઉપાડી કહ્યું કે, કસ્ટમ ઓફિસરે દુબઈમાં મારા સામે ૧૦ કરોડના હિસાબના ગોટાળો કર્યાની ફરિયાદ કરી છે જેથી મારે દુબઈ જવું પડશે ત્યાં સુધી તમારું કામ નહીં થાય તેથી આ વાત માની લીધા પછી ફોન કરતા આરોપીઓએ સતત એક બીજા પર ખો આપીને વાયદા આપ્યા હતા. બાદમાં ઈમરાને ફોન કરી પાંચ કિલો સોનું લ્યો અને બીજા ૧૫ લાખ આપો તો તમારું કામ થઈ જશે અને જો આમ નહીં કરો તો અગાઉના રૂપિયા પરત મળશે નહીં તેમ કહેતા પત્નીના ઘરેણા ગીરવે મૂકીને બીજા વ્યાજે રૂપિયા લઇ ૧૫ લાખ રૂપિયા મુંબઈ એરપોર્ટ પર આવી આપ્યા હતા.

રૂપિયા આપી દીધા પછી સોનુ લેવા માટે ફરિયાદીને બેંગ્લોર મોકલાવ્યો અને બેંગ્લોરમાં પણ સોનુ ના આપી ઘરે પહોંચાડવાનો વાયદો કર્યો હતો બે ત્રણ મહિના વીતી જવા છતાં સોનું ન મળ્યું અને આરોપીઓના ફોન પણ સ્વીચ ઓફ આવતા હોઇ ભુજ આવી રૂપિયા પરત માંગ્યા હતા યુવાને કુલ ૫૩.૫૫ લાખ આપ્યા હતા જેમાં તેને ૨૫ લાખ મળ્યા પણ ૨૮.૭૫ લાખ ન મળતા ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.આ બાબતે ભુજ બી ડિવિઝન પીઆઈ જે.કે.મોરીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે,આરોપીઓને ઝડપી લેવાની દિશામાં તપાસ ચાલુ છે. ફરિયાદી તેના રૂપિયા પરત મેળવવા ભુજ આવ્યો ત્યારે ઈકબાલે કહ્યું કે, હવે મારી પાસે કોઈ રૂપિયા નથી નવાબ પાસે માંગો જેથી નવાબને કહેતા તેણે અમે બંને જણાએ તારી સાથે ચીટીંગ કરી છે કહી હવે કોઈ રૂપિયા મળશે નહીં તેમ જણાવતા ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરવાનું કહ્યું હતું. જેમાં આરોપીઓએ ધમકી આપી કે, જો તું પોલીસ ફરિયાદ કરવા ગયો છો તો ધ્યાન રાખજે તુ અહી ભુજમાં છે.અહીં તારું કોઈ નથી.તને મારીને ક્યાંય ફેંકી દેશુ તો કોઈને ખબર પણ નહીં પડે તેવી ધમકી આપી હતી.

વધુ વિગત મુજબ ભોગ બનનાર ભુજ આવ્યો ત્યારે તેને જાણવા મળ્યું કે ઈમરાન ભાઈનું સાચું નામ ઈકબાલ મહમદ ચૌહાણ છે અને કૃણાલ જોશીનું સાચું નામ નવાબ હયાત કકલ છે અને કસ્ટમ ઓફિસર તરીકે જે વાત કરતો હતો તે પણ ઈકબાલ જ હતો. આમ છેલ્લે છેતરાઇ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી.

# મનપા-રૂડાના ૫૬૫ કરોડના વિવિધ વિકાસ કામોની CM આપશે ભેટ

## ખાલી પડેલા ૧૮૩ આવાસો લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો મારફતે પણ સોંપવામાં આવશે

રાજકોટ, તા. ૨૧

વિકાસના વિવિધ પ્રકલ્પો માટે ૨૬ તારીખ બુધવારના રોજ મુખ્યમંત્રી રાજકોટ આવી રહ્યા છે. જેમાં મહાનગરપાલિકાના તથા શહેરી વિકાસ સત્તા મંડળના કુલ ૫૬૫ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના વરદ હસ્તે યોજાશે. આ અંગે મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલા આવાસો પૈકી ખાલી પડેલા ઇડબલ્યુએસ બે કે જેમાં ૧૩૩ ફ્લેટ ખાલી છે અને એમઆઈજી હેઠળ કુલ ૫૦ ફ્લેટ જે ખાલી છે એમ મળી કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવવામાં આવશે જે માટે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો પણ કરવામાં આવશે.

પરિવહનની વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં ૨૫ નવી સીએનજી ફ્યુલ આધારિત બસના લોકાર્પણ પણ મુખ્યમંત્રીના વરદ હસ્તે કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી, રૂ.૫૮.૫૪ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત એમ કુલ રૂ.૩૯૦.૮૦ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના રૂ.૧૭૪.૮૩ કરોડના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે.

## વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો ની વિગત

### (૧) રાજકોટ મહાનગરપાલિકા

લોકાર્પણના ૪ કામ (કુલ રકમ રૂ.૫૮.૫૪ કરોડ)

શહેરી બસ સેવામાં નવી ૨૫ બસનું લોકાર્પણ (કુલ ૧ કામ, રકમ રૂ.30.00 કરોડ)

બાંધકામ વિભાગને લગત કામો (કુલ ૩ કામ, રકમ રૂ.૨૮.૫૪ કરોડ)

(મવડી વિસ્તારમાં નવનિર્મિત ઇન્ડોર ગેમ્સ સ્ટેડિયમ સહિતના કામો)

ખાતમુહૂર્તના ૩૫ કામ (કુલ રકમ રૂ.૩૩૨.૨૬ કરોડ)

બાંધકામ વિભાગને લગત કામો (કુલ ૩૧ કામ, રકમ રૂ.૩૧૫.૫૦ કરોડ)

(કાલાવડ રોડ પર નવા રિંગ રોડ ચોક ખાતે નિર્માણ પામનાર આઇકોનિક ફ્લાયઓવર બ્રિજ સહિતના કામો)

ડ્રેનેજ નેટવર્કને લગત કામ (કુલ ૩ કામ, રકમ રૂ.૧૩.૬૧ કરોડ)

વોટર વર્કસ નેટવર્કને લગત કામો (કુલ ૧ કામ, રકમ રૂ.૩.૧૫ કરોડ)

કુલ ૩૯ કામ, કુલ રકમ રૂ.૩૯૦.૮ કરોડ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી ખાલી પડેલ ઊઠજ-૨ (1.5 BHK)ના ૧૩૩, MIG (3 BHK)ના ૫૦ એમ મળી કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો

### (૨) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

ખાતમુહૂર્તના ૬ કામ (કુલ રકમ રૂ.૧૭૪.૮૩ કરોડ)

બાંધકામ વિભાગ (રસ્તા કામ તથા બ્રિજ)ને લગત કામ (કુલ ૪ કામ, રકમ રૂ.૧૦૧.૪૭ કરોડ)

કન્સ્ટ્રકશન ઓફ રિંગ રોડ-૨ ફેઝ-૨ ફ્રોમ કણકોટ રોડ ટુ કોરાટ ચોક (રોડ વર્ક)

કન્સ્ટ્રકશન ઓફ રિંગ રોડ-૨ ફેઝ-૨ ફ્રોમ કણકોટ રોડ ટુ કોરાટ ચોક (બ્રિજ વર્ક)

કન્સ્ટ્રકશન ઓફ ૪૫.૦મી. ડી.પી. રોડ ફ્રોમ રિંગ રોડ-૨, ફેઝ-૩ (ગોંડલ રોડ ટુ ભાવનગર રોડા) ટુ RMC બાઉન્ડ્રી ઇન રૂડા એરિયા

કન્સ્ટ્રકશન ઓફ ૪૫.૦મી. ડી.પી. રોડ ફ્રોમ નેશનલ હાઈવે-૨૭ (ખોડિયાર હોટલ) થી કાંગશીયાળી ગામના ગેટ ઈન રૂડા એરિયા

ડ્રેનેજ વિભાગ (કુલ ૨ કામ, રકમ રૂ.૭૪.૩૬ કરોડ)

રોણકી ગામ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૮/૨ ભૂગર્ભ ગટર યોજના ઈન રૂડા એરિયા

કાંગશિયાળી ગામ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના ઈન રૂડા એરિયા

કુલ ૬ કામ, કુલ રકમ રૂ.૧૭૪.૮૩ કરોડ

રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ કામ ૪૫ અને રકમ રૂ.૫૬૫.૬૩

જર જમીન અને જોરૂ કજીયાના છોરૂઃ વધુ એક વખત સાચી ઠરી આ જુની કહેવત અને ઢળી ગઇ લોથ

# મિલ્કત મામલે TRB જવાને કરી નાંખી સગા ભાઈની હત્યા

## નાના ભાઇને ગળાટૂંપો દઇ મારી નાંખી પછી પોલીસ સ્ટેશનમાં જઇને કહ્યું-મારા ભાઇનું પડી જવાથી મોત થયું છેઃ પણ પોલીસે દુધનું દુધ અને પાણીનું પાણી કરી હત્યારાની કરી ધરપકડ




રાજકોટઃ જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ આ કહેવતને સાર્થક કરતી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં મિલ્કતના ડખ્ખામાં એક યુવાનની તેના જ સગા ભાઇ એવા ટીઆરબી જવાને ગળુ દાબી હત્યા કરી નાંખી હતી. એટલુ જ નહિ શાતીર દિમાગ ધરાવતો આ ભાઇ બાદમાં પોલીસ સ્ટેશને રજૂઆત કરવા પહોંચી ગયો હતો અને પોતાના ભાઇનું કુદરતી મોત થયું છે તેવી સ્ટોરી ઘડી કાઢી હતી. પરંતુ ઘટના સ્થળે પહોંચેલી પોલીસને પ્રાથમિક તપાસમાં જ દાળમાં કંઇક કાળુ લાગતાં ઉંડાણપુર્વક તપાસ આરંભતા જ ચોંકાવનારી સત્ય હકિકત સામે આવી હતી. એ પછી રજૂઆત કરવા આવનારા ભાઇએ જ હત્યા કર્યાનું ખુલતાં તેની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મકાન-મિલ્કત-રૂપિયાના ડખ્ખામાં ઘણીવાર પોતાના જ પારકા બની જતાં હોય છે. સગો ભાઇ મિલ્કત માટે ભાઇનો હત્યારો બની ગયાની આ ઘટનાએ સમગ્ર પાલિતાણા પંથકમાં ચકચાર જગાવી દીધી છે. પાલિતાણા ગામે ટીઆરબી તરીકે નોકરી કરતાં શખ્સે તેના જ નાનાભાઇની ગળુ દબાવી હત્યા નિપજાવી નાંખતા ભારે ચકચાર મચી જવા પામી છે. હત્યા બાદ આરોપીએ કુદરતી મોતમાં ખપાવવા સામેથી જ પોલીસ મથકે રજૂઆત કરી હતી પણ પોલ છતી થઈ હતી. પોલીસે જાહેર કરેલી વિગતો પર નજર કરીએ તો પાલિતાણા ગામે સર્વોદય સોસાયટીમાં મિલ્કત સંબંધી ઝઘડામાં રાજવાડી બેંક કોલોનીમાં રહેતાં ટીઆરબી જવાન મયુરસિંહ બટુકસિંહ ગોહિલએ તેના જ નાનાભાઇ ભગીરથસિંહ બટુકસિંહ ગોહિલના ઘરે જઇ ભગીરથસિંહનું ગળું દબાવીને હત્યા નિપજાવી નાંખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

મિલ્કતના ડખ્ખામાં ભગીરથસિંહના ઘરે પહોંચેલા મયુરસિંહે ઘરની બહાર ઉભેલા ભગીરથસિંહનો ફોન ખેંચી, બંન્ને પગ પકડીને ઘરની અંદર લઇ જઇ, ઉપર બેસી, ગળું દબાવી, મારમારી હત્યા નિપજાવી હતી. આરોપી પોતાના જ સગા નાના ભાઇની હત્યા નિપજાવી પાલિતાણા ટાઉન પોલીસ મથકે પહોંચ્યો હતો અને ભગીરથસિંહનું પડી જવાથી મોત થયાનું રટણ કર્યું હતું પરંતુ મોત બાબતે શંકા જતા મૃતકને ફોરેન્સીક પોસ્ટમોર્ટમ ખાતે મોકલી અપાતા હત્યા થઇ હોવાનું સામે આવતા આરોપીની પોલ ખુલી ગઇ હતી અને પોલીસે આરોપી ટીઆરબી જવાન મયુરસિંહ બટુકસિંહ ગોહિલની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર એક દિવસ અગાઉ આરોપી અને તેની પત્નિ બંને મૃતકના ઘરની પાસે કથામાં ગયા હતા જ્યાં આરોપી અને મૃતક વચ્ચે બોલાચાલી થતાં બીજા દિવસે આરોપીએ હત્યાનું કાવતરૂ ઘડ્યું હતુ. મૃતક ભગીરથસિંહ તેમજ આરોપી ભાઇ મયુરસિંહ તેની પત્નિ અને બાળકો સહિત માતા-પિતા સાથે સંયુક્ત કુંટુંબમાં રહેતા હતા ત્યાર બાદ પિતાનું કેન્સરની બિમારીથી અવસાન થતાં બંન્ને ભાઇઓ વચ્ચે મિલ્કત સંબંધી માથાકૂટ થતાં આરોપી મયુરસિંહ તેની પત્નિ, બાળકો સાથે અન્ય વારસાઇ મકાનમાં રહેતા જતો રહ્યો હતો. આરોપી મયુરસિંહે મિલ્કત બાબતે ચાલતા ઝઘડાને કારણે નાનાભાઇ ભગીરથસિંહની હત્યા નિપજાવી, સંબંધીઓ તેમજ કુટુંબી ભાઇઓ સામે કુદરતી મોત ગણાવ્યું હતું અને નાનાભાઇની અંતિમવિધી કરવાનું કહેતા, મૃતકના કુટુંબી ભાઇઓએ પોલીસને જાણ બાદ અંતિમ વિધી કરવાનું કહેતા સમગ્ર હત્યાનો બનાવ સામે આવ્યો હતો.

મિલ્કત માટે એક ભાઇ બીજા ભાઇનો હત્યારો બની જાય તે વાતે સૌ કોઇને ચોંકાવી દીધા હતાં. પોલીસે હત્યા કરનારા ટીઆરબી જવાનને ઝડપી લઇ રિમાન્ડ મેળવવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મિલ્કતના ઝઘડાએ બે સગા ભાઇઓના હર્યાભર્યા પરિવારના માળા વેરવિખેર કરી નાંખ્યા છે. એક ભાઇનું ભાઇના હાથે મોત થયું છે, તો હત્યા કરનારો ભાઇ હવે જેલની હવા ખાશે. આ રીતે બંને ભાઇઓના પરિવારજનો નોધારા જેવા થઇ ગયા છે. આ બનાવે અરેરાટી સાથે ચકચાર ફેલાવી દીધી છે.

પહેલો સગો પાડોશી આ વાત અહિ ખોટી પડીઃ આજે તો મારી જ નાખવો છે કહી યુવાનને ઘરમાં ખેંચી ધમકી સાચી ઠેરવી

# ખાળકૂવાના ડખ્ખામાં યુવાનને પડોશી દંપતિએ પુરો કરી નાંખ્યો

## સહીયારો ખાળકુવો છલકાયો હોઇ પડોશી ખાલી કરાવવામાં ધ્યાન ન દેતાં હોઇ બોલાચાલી થઇ અને યુવાનને હત્યા થઇઃ દંપતિની ધરપકડ-ત્રીજા આરોપીની શોધખોળ



રાજકોટઃ નહિ જેવી વાતે કાળઝાળ થઇ જીવલેણ બની જતો માણસ ગમે ત્યારે ગમે તેની હત્યા કરી નાખતો હોય છે. વધુ એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે જેમાં ખાળકુવો ખાલી કરવા જેવી વાતે થયેલી માથાકુટ હત્યા સુધી પહોંચી ગઇ હતી. એક યુવાનને દંપતિ સહિત ત્રણ જણાએ ઘરમાં ખેંચી જઇ ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાની આ ઘટનામાં દંપતિની ધરપકડ કરી લેવાઇ છે. હત્યા કરનારા પૈકીના મહિલાએ ક્રોધીત થઇ એવુ કહ્યું હતું કે જેલ થાય તો ભલે થાય પણ આજે તો એને મારી જ નાંખીશ. આ ધમકી આપ્યા પછી તેણે ધમકીને સાચી ઠેરવી હતી અને હત્યા કરી નાખી હતી.

વિગતો પર નજર કરીએ તો પહેલો સગો પડોશી એવી કહેવત છે પણ અહિ પડોશી જ જીવલેણ, હત્યારા બની ગયા હતાં. ખાળકુવા મામલે માથાકુટ થતાં એક પડોશીએ આજે તો જેલ ભોગવવાની થાય તો ભોગવી લઇશ પણ આ પીયુષને પતાવી દેવો છે તેમ કહીને પોતાની પત્નિ સહિત ત્રણ સાથે મળી પડોશી યુવાનને ઘરમાં ખેંચી લઇ એવો માર માર્યો હતો કે પડોશી મોતને ભેટી ગયો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. લક્ષ્મીપુરા પોલીસે આરોપી દંપતિની ધરપકડ કરી ત્રીજા આરોપીની શોધખોળ ચાલુ કરી હતી. વડોદરા શહેરના સમતા વિસ્તારમાં આવેલા ભેંસાસુરનગર ઝુપડપટ્ટી પાસે આ ઘટના બની હતી. અહિ રહેતા ઉષાબેન મગનભાઈ રાઠોડએ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, અમારા પડોશી પ્રવિણભાઈ મોહનભાઈ પંચાલ અને અમારા મકાનની વચ્ચેના ભાગે સંયુક્તમાં એક ખાળકુવો બનાવ્યો છે.

આ કુવો એકાદ બે વર્ષે ભરાઈ જતો હોવાથી કોર્પોરેશનમાં જાણ કરી ખાલી કરાવીએ છીએ અને આ કુવો વીસ દીવસથી ભરાઈ ગયો હતો, જે ખાલી કરાવવા માટે પ્રવિણભાઈ પંચાલને અવાર નવાર વાત કરી હતી, પરંતુ તેઓ આ વાતને ધ્યાને લેતા નહોતા અને અમારી વચ્ચે બોલાચાલી થતી હતી. આ દરમિયાન રાતે વાગ્યે મારો દીકરો પીયુષ પડોશી પ્રવિણભાઈને કહેવા ગયો હતો, તે દરમિયાન તેઓના ઘરે પ્રવિણભાઈ તથા તેમની પત્નિ શીતલબેન તથા તેમના બનેવી રમેશભાઈ હાજર હતા અને તેઓ એકદમ ઉશ્કેરાઈ જઈને જોરજોરથી બોલતા હતા, જેથી હું ઘરની બહાર આવી ગઈ હતી. આ સમયે પ્રવીણભાઈ તથા રમેશભાઈએ મારા દીકરાને પકડી રાખ્યો હતો અને શિતલબેન એમ બોલતા કે આજ તો જેલ ભોગવવાની થાય તો ભોગવી લઈશ પણ આ પીયુષને પતાવી દેવો છે, તેમ કહીને અને આ ત્રણેયે મારા દીકરાને તેમના ઘરમાં ખેંચી લઈ ગયા હતા. આ સમયે આસપાસના માણસો ભેગા થતા મારા દીકરાને તેઓ પાસેથી છોડાવવા ઘરમાં જતી વખતે મારો દીકરો તેઓ પાસેથી છટકીને બહાર આવી માથુ પકડી બેસી ગયો હતો. ત્યારબાદ થોડીવારમાં ઢળી પડ્યો હતો.

આ પછી પડોશમાં રહેતા મહેશભાઈ માળીએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી અને અમારા જમાઈ ગીરવતસિંહ મારા દીકરાને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે મારા દીકરા પીયુષને મૃત જાહેર કર્યો હતો. પ્રવિણભાઈ મોહનભાઈ પંચાલ, તેમના પત્નિ શીતલબેન પંચાલ (બન્ને રહેં ભૈસાસુરનગર ઝુપડપટ્ટી પાસે, સી.એચ વિદ્યાલય સામે, સમતા, સુભાનપુરા, વડોદરા) અને તેમના બનેવી રમેશભાઈ છગનભાઈ સીખલીગર (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી, સમતા, વડોદરા)એ ભેગા મળી ગડદાપાટુનો માર મારી આંતરિક ઈજા પહોંચાડીને મારી નાંખ્યો છે. જેથી મેં આ ત્રણેય સામે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં તેણીએ જણાવ્યું હતું.

લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ કે.એન.લઠિયાએ જણાવ્યું હતું કે, ખાળકુવો ખાલી કરવાની સામાન્ય બાબતમાં હત્યા થઈ છે. અમે બે આરોપીની ધરપકડ કરી છે અને ભાગી ગયેલા એક આરોપીની શોધખોળ શરૂ કરી છે. આમ નહિ જેવી વાત એક પરિવારના આધારસ્તંભ દિકરાનો ભોગ લઇ ગઇ હતી.

---

હવસખોરી વિકૃતિની ત્રણ ઘટનાઃ એક બનાવમાં વારંવાર દાદાએ દાનત બગાડીઃ બાર વર્ષની પૌત્રીને કર્યા ચાળા

# લવ સેક્સ ધોખાઃ લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચરી યુવતિને તરછોડી

## ત્રીજી ઘટનામાં સિત્તેર વર્ષના ડોસાએ યુવતિને ગાયીકા બનાવવાની લાલચ દઇ લૂંટી લીધી આબરૂઃ શુટીંગના બહાને અલગ અલગ સ્થળે લઇ જઇ શોષણ કર્યુ

રાજકોટઃ વિકૃતીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. રાજ્યમાં કોઇને કોઇ ગામ કે શહેરમાં બાળા, યુવતિ, સગીરાઓ, પરિણીતાઓ હવસખોરોનો શિકાર બનતી રહે છે. આવી વધુ ત્રણ ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં લવ સેક્સ ઔર ધોખા જેવુ થયું છે. યુવતિને ઢગાએ પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ દઇ વારંવાર દૂષ્કર્મ આચરી લીધુ હતું. યુવતિએ લગ્ન કરવાનું કહેતાં તે તેને મુકીને ભાગી ગયો હતો. બીજી ઘટનામાં એક વિકૃત દાદો પોતાની પૌત્રી સાથે વારંવાર ચાળા કરી દાનત બગાડતો હોઇ બાળાએ હેલ્પલાઇનની મદદ લીધી હતી. ત્રીજી ઘટનામાં સિત્તેર વર્ષના ડોસાએ એક યુવતિને ગાયીકા બનાવી દેવાની લાલચ આપી અલગ અલગ સ્થળે લઇ જઇ વારંવાર દૂષ્કર્મનો ભોગ બનાવી હતી.



પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો સુરતના સરથાણા વિસ્તારની યુવતીને પ્રમજાળમાં ફસાવી દેવભૂમિ દ્વારકાના યુવાને લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધી તેનું યૌન શોષણ કરી બાદમાં લગ્નનો ઈન્કાર કરી ધમકી આપી હતી. પોલીસ સુત્રોએ કહ્યું હતું કે દેવભૂમિ દ્વારકા ભાણવડ તાલુકા પંચાયતની સામે શિવનગરમાં રહેતા હિરેન વશરામભાઇ કારેણાએ સુરતના સરથાણા વિસ્તારમાં રહેતી યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ તે યુવતીને લગ્નની લાલચ આપી અલગ અલગ જગ્યાએ લઈ ગયો હતો અને તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. પરંતુ છેલ્લે તેણે લગ્નનો ઈન્કાર કરી દઈ યુવતીને ધમકી આપી હતી કે સમાજમાં તને બદનામ કરી નાખીશ અને જાનથી મારી નાંખીશ. આ અંગે યુવતી જયારે હિરેનના પિતા પાસે ફરિયાદ કરવા પહોંચી ત્યારે તેમણે તેનું જાહેરમાં અપમાન કર્યું હતું.

છેવટે યુવતીએ હિરેન વિરૂદ્ધ દુષ્કર્મ અને તેના પિતા વિરૂદ્ધ એટ્રોસીટીની ફરિયાદ સરથાણા પોલીસ મથકમાં નોંધાવતા એસીપી એ ડિવિઝને વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઘટના વડોદરા શહેરમાં બની છે. શહેરના એક વિસ્તારમાંથી કોઈ મહિલા, યુવતી કે સિનિયર સિટીઝને નહીં પરંતુ એક બાર વર્ષની કિશોરીએ તેના દાદાની હરકતોથી ત્રાસી જઈ માતા પિતાની મદદ લઈને સબક શીખવતા દાદાએ માફી માંગી કેસ નહીં કરવા માટે આજીજી કરી હતી. અભયમ હેલ્પલાઇન પર એક કોલ મળ્યો હતો. જેમાં બે નાની દીકરીઓ છે જેની માતાએ બીજા લગ્ન કર્યા હતા અને બંને પતિ-પત્નિ નોકરી કરતા હોવાથી કિશોરી ઘરમાં એકલી રહી અભ્યાસ કરતી હતી. ઘરમાં વૃદ્ધ દાદા પણ રહેતા હતા અને તેઓ કિશોરી સાથે અડપલાં કરતા હતા. શરૂઆતમાં દાદા લાગણી બતાવે છે તેમ લાગતું હતું પરંતુ ગુડ ટચ અને બેડ ટચ પારખી ગયેલી કિશોરીએ આખરે માતા-પિતાને જાણ કરી હતી.

આ પછી માતા પિતાએ નોકરી પર હતા અને દીકરીઓને ડર લાગતા આખરે અભયમની મદદ લીધી હતી. અભયમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને તેમણે આવું કૃત્ય જેલમાં ધકેલી શકે છે, તેમ કહી કાયદાકીય સમજ આપતા દાદાએ માફી માગી હતી અને તેમના પુત્ર એટલે કે કિશોરીના સાવકા પિતાએ પણ તેની સુરક્ષાની બાહેંધરી લેતા કિશોરી અને તેની માતાએ પોલીસ કેસ કરવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ બાબતે માતાને દીકરી જણાવતી હતી, પરંતુ આવું ન હોવાનું જણાવી માતા ટોકતી હતી. પરંતુ આ બનાવ અંગેની જાણ આખરે કિશોરીએ અભયમ ટીમને કરી હતી અને આ વિકૃત માનસિકતા ધરાવતા દાદા સામે આવાજ ઉઠાવ્યો હતો.

ત્રીજી ઘટનામાં પણ ડોસો ભાન ભુલ્યો હતો. અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં યુવતીને સિંગર બનાવવાની લાલચ આપી હોટલ અને મકાનમાં લઈ જઈ બળજબરીપૂર્વક બળાત્કાર કર્યાની ગંભીર ઘટના સામે આવી છે. સિત્તેર વર્ષીય વૃદ્ધે શુટિંગના બહાને લઈ જઈ ગીર સોમનાથ જિલ્લાના ઉનાની યુવતી સાથે છેલ્લા ત્રણ વર્ષથી આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની ફરિયાદ રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યા હતા. સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય આચરતો અને બળજબરીથી મુખ મૈથુન કર્યું હતું. આ દરમિયાન યુવતીની છાતી, ગાલ, ખભા, પીઠ, સાથળ સહિત શરીરના વિવિધ ભાગો પર મોંથી બટકાં ભરી શારીરિક ઈજો પહોંચાડવામાં આવી હતી.

વધુ વિગતો અનુસાર આરોપી મહેશ ઉર્ફે જાની હરિશંકર ઝાખરાએ યુવતીને સિંગર બનાવવાની લાલચ આપી અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી ગોપી હોટલના રૂમમાં અને રાજુલાના એક રહેણાંક મકાનમાં લઈ જઈ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. યુવતીના મરજી વિરૂદધ આ કૃત્ય અનેકવાર કરવામાં આવ્યું હતું. આરોપીએ બળાત્કાર દરમિયાન યુવતીને નગ્ન હાલતમાં તસવીરો ખેંચી તે વાઈરલ કરવાની ધમકી આપી હતી. સાથે જ યુવતી અને તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ દરમિયાન યુવતીને શારીરિક ઈજાઓ પણ પહોંચાડવામાં આવી હતી.

યુવતી દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટરની ટીમે આરોપી મહેશભાઈ ઝાખરાને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં બળાત્કારની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે.

સાવરકુંડલા, અમરેલી અને બગસરા વિસ્તારમાં અગાઉ પણ દુષ્કર્મની ઘટનાઓ સામે આવી હતી. હવે રાજુલામાં આ નવી ઘટના સામે આવતા લોકોમાં ચકચાર મચી ગઇ છે. હવસખોર તત્વો સામે કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે. આ ઘટનાએ લોકોમાં ભારે આક્રોશ પેદા કર્યો છે.

હવસખોર તત્વો સામે કડક પગલાં લેવા અને આવા ગુનાઓને રોકવા માટે લોકો સરકાર અને પોલીસ તંત્ર પાસે માગ કરી રહ્યા છે.

---

# વેરા વસુલાતની કુલ આવક ૩૯૬ કરોડને પાર

## કોઠારીયા રોડ પર વિભાગનો સપાટો : કુલ ૧૧ મિલકતોમાં મનપાએ કરી રિકવરી જ્યારે આઠ મિલકતોને કરવામાં આવી સીલ

રાજકોટ, તા. ૨૧

માર્ચ મહિનો પૂરો થાને ગણતરીના દસ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ૪૧૦ કરોડના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે હાલ મહાનગરપાલિકાની વેરા વસુલાત વિભાગ રજાના દિવસોમાં પણ કામગીરી કરી રહી છે ત્યારે ગઈકાલે હાથ ધરવામાં આવેલી રિકવરી ઝુંબેશમાં કુલ આઠ મિલકતને સીલ કરવામાં આવી હતી જ્યારે ૧૧ મિલકતોમાં મનપાને રિકવરી પણ થયેલી છે અને રિકવરી નો આંકડો ૫૬ લાખને આંબ્યો હતો. મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ત્રણમાં માધાપર સર્કલ પાસે શિલ્પ કોમ્પલેક્ષમાં સીલની કાર્યવાહી કરતા કુલ ૬૯ હજાર રૂપિયાની રિકવરી થઈ હતી.



જ્યારે ભુપેન્દ્ર રોડ પર આવેલા શિરોમણી કોમ્પલેક્ષમાં ચાર મિલકતોને સીલ કરવામાં આવી હતી. એટલું જ નહીં માલવયા શેરી નંબર એકમાં આવેલી કેસી ચેમ્બરમાં ગોકુળ રેસ્ટોરન્ટને પણ સીલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે તો બીજી તરફ કોના કરોડ પર આવેલા સહયોગ કોમ્પ્લેક્સમાં પણ એક મિલકતને સીલ કરવામાં આવી હતી જ્યારે કરણપરા ચોકમાં આવેલ સત્યમ એપાર્ટમેન્ટમાં એક મિલકત પાસેથી ૭૯,૫૦૦ ની રિકવરી થઈ છે.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ૧૩માં વાવડી ગોંડલ ચોકડી નજીક પ્લોટ નંબર ૪૨માં પરફેક્ટ ઓટોને નોટિસ આપવામાં આવી હતી અને સામે ૫.૧૧ લાખની રિકવરી પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે તો બીજી તરફ વોર્ડ નંબર ૧૪માં ગોપાલ નગર શેરી નંબર ત્રણમાં વડગામા નિવાસ ત્રણને નોટિસ પાઠવવામાં આવી હતી અને સામે ૯૬ હજાર રૂપિયાની રિકવરી પણ થયેલી છે. ગુંદાવાડી મથુર ચોકમાં બજરંગ ફ્રુટ નજીક જય અંબે ફેશનને પણ નોટિસ ફટકારવામાં આવી અને ૫૩,૯૧૯ રૂપિયાની રિકવરી થઈ. બાપુનગર નવમા એકતા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટને સીલ કરવાની કાર્યવાહી થતા જ ૧.૧૮ લાખ રૂપિયાની રિકવરી થઈ હતી.

વોર્ડ નંબર ૧૮ ની વાત કરવામાં આવે તો કોઠારીયા ચોકડી પાસે આવેલા બ્રાહ્મણી હોલ નજીક રણુજાનગર શેરી નંબર ચારમાં એક યુનિટ પાસેથી એક ૬૧ હજાર રૂપિયાની રિકવરી થઈ. જ્યારે કોઠારીયામાં જ રાધે ઈન્ડસ્ટ્રીયલ એરિયા નજીક આવેલ વરૂણ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક મિલકત પાસેથી ૫૫૦૦૦ હરી કવર થયા હતા એવી જ રીતે કોઠારીયા રિંગ રોડ પાસે આવેલા ગ્રીનપાર્ક સતાધાર કોમ્પ્લેક્સ માંથી પણ એક મિલકત પાસે ૫૮,૦૦૦ ની રિકવરી થઈ હતી. હાલ જે વિગતો સામે આવી રહી છે તેમાં કોઠારીયામાં જીત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટને સીલ ની કાર્યવાહી કરતાં કુલ ૬૩,૦૦૦ ની રિકવરી થયેલી છે.

તેવી જ રીતે જીત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં અન્ય એક મિલકત પાસેથી પણ ૬૩ હજાર રૂપિયા રિકવરી પેટે વસૂલવામાં આવ્યા હતા. ગોંડલ ચોકડી નજીક ચંદ્રા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પણ ૭૩ હજાર રૂપિયાની રિકવરી થઈ જ્યારે કોઠારીયામાં ધર્મજીવન ઓઈલ મીલ પાછળ આવેલ વૃંદાવન ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૭૭,૦૦૦ ની રિકવરી થયેલી છે જ્યારે કોઠારીયા જુના ટોલગેટ પાસે બે યુનિટને સીલ કરવામાં આવ્યા હતા .

ગઈકાલની ઝુંબેશમાં અમદાવાદ હાઈવે પર રિદ્ધિ સિદ્ધિ નારા પાસે યુનિટને સીલ કરવા માં આવતા જ ૭૦,૦૦૦ મહાનગરપાલિકાએ રિકવર કર્યા છે. એમ આજ દિન સુધીની કુલ રિકવરી ૩૯૬.૫૭ કરોડે પહોંચી છે.

### રજાના દિવસોમાં પણ વેરો ભરી શકશો નગરજનો

માર્ચ એન્ડિંગના આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટના લોકો કે જેવો વેરો ભરવા માંગતા હોય અને રિકવરી ઝુંબેશ થી બચવા માંગતા હોય તેવો રજાના દિવસોમાં પણ પોતાનો વેરો મહાનગરપાલિકા હસ્તક આવેલી વિવિધ વોર્ડ ઓફિસ, તમામ સિવિક સેન્ટર તથા ત્રણેય ઝોનની વેરા વસુલાત શાખામાં ભરી શકશે અને રજાના દિવસોમાં પણ આ કામગીરી યથાવત રીતે ચાલુ રહેશે. રજાના દિવસોની જો વાત કરવામાં આવે તો ૨૨ માર્ચ, ૨૩ માર્ચ, 30 માર્ચ અને ૩૧ માર્ચ દરમિયાન પણ ચાલુ રહેશે. નાગરિકો પોતાના ઘર વેરો, પાણી વેરો,તથા અન્ય તમામ પ્રકારના કરો ચકાસવા અને ભરપાઈ કરવા માટે રજા દરમિયાન પણ આવી ઓફિસનો લાભ લઇ શકે છે. ઓફીસના કામકાજના સમયગાળા દરમિયાન નાગરિકોને સુવિધા ઉપલબ્ધ રહેશે. નાગરિકોને સમયસર કર ભરવા માટે વિનતી કરવામાં આવે છે જેથી વધારાના વ્યાજથી બચી શકાય.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સરસ્વતીજીના મંદિરે લક્ષ્મીજી!

## ખાનગી શિક્ષણ સામે વાંધો નથી, પણ સરકારી ચાલુ રાખો




શિક્ષણ થકી જ સમાજ સુધરી શકે, પણ શિક્ષણ જ બગડેલું હોય તો ? વ્યક્તિ-પરિવાર-સમાજ અને રાષ્ટ્રના ઘડતરનો પાયો શિક્ષણ છે. શિક્ષણ પ્રત્યે ગંભીરતા અનિવાર્ય છે. વર્તમાન સમયમાં શિક્ષણ ખૂબ વિસ્તર્યું છે, પરંતુ માત્ર વ્યવસાયી અને કારકિર્દીલક્ષી બની ગયું છે. સમજદારી અને નૈતિકતા લગભગ ગુમ થઈ ગયા છે.

વર્તમાન શિક્ષણ છાત્રોને ખૂબ તેજસ્વી-સ્માર્ટ બનાવે છે, પરંતુ ઉત્તમ નાગરિક આપતું નથી. છાત્રથી માંડીને પરિવાર સુધી શિક્ષણ તનાવયુક્ત બની ગયું છે. આ સ્થિતિમાં આમુલ પરિવર્તન અનિવાર્ય છે. આ પરિવર્તનની અપેક્ષા શિક્ષણની ખાનગી સંસ્થાઓ પાસેથી રાખી શકાય તેમ નથી. આ સંસ્થાઓ શ્રેષ્ઠ હશે, પરંતુ માત્ર વ્યવસાયથી જ છે. આ સંસ્થાઓ મોટાભાગે છાત્રોને કારકિર્દી પર જ ફોકસ કરાવે છે. આ કાર્ય માણસને મશીન બનાવવા જેવુ ગણાય.

શૈક્ષણિક ક્ષેત્રે સ્થિતિમાં બદલાવ આવવાને બદલે વધારે બગાડો આવતો હોય તેમ લાગે છે. રાજકોટ શહેર અને જિલ્લાની શૈક્ષણિક દશાનો પ્રશ્ન ધારાસભામાં ચમક્યો હતો. સત્તાવાર જાહેર થયેલા આંકના તારણ જોઈએ તો એમ લાગે કે, રાજકોટ જિલ્લામાં સરસ્વતી દેવીના મંદિરોમાં લક્ષ્મીજીની બોલબાલા વધી ગઈ છે. રાજકોટ જિલ્લામાં સરકારી શિક્ષણ લગભગ પૂરું થઈ ગયું છે.


શહેર જિલ્લામાં માત્ર ૪૩ શાળાઓ સરકાર સંચાલિત રહી છે. આ સામે ખાનગી ૪૩૨ શાળાઓ ધમધમે છે. આ મુદ્દો ચિંતાજનક છે. જોકે કોંગ્રેસ આ મુદ્દાને રાજકીય બનાવવા પ્રયાસ કર્યો છે. જીગ્નેશ મેવાણીએ રાજકોટ જિલ્લાની શિક્ષણ સ્થિતિ અંગે બેફામ નિવેદનો કર્યા છે.

રાજકોટ જિલ્લાના શિક્ષણનો મુદ્દો રાજકીય રીતે સ્પર્શવા જેવો નથી. જગજાહેર છે કે, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ભાજપ -કોંગ્રેસ સહિતના પક્ષોના નેતાઓ પ્રત્યક્ષ-પરોક્ષરૂપે જોડાયેલા છે. બીજી બાબત એ પણ છે કે, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જરૂરી પણ છે. તેનો વિરોધ કરવાનો કંઇ અર્થ નથી.

મુદ્દો સરકારી શિક્ષણ અને શૈક્ષણિક નીતિનો છે. આડા પાટે ચઢી રહેલા શિક્ષણ તંત્રને શ્રેષ્ઠ માર્ગ સરકાર જ આપી શકે. સકારાત્મક દ્રષ્ટિકોણથી સમગ્ર બાબતને વિચારવી જરૂરી છે. સરકારી શિક્ષણ વધારે સુવિધાપૂર્ણ-શ્રેષ્ઠ અને વ્યાપક બને તે અનિવાર્ય બાબત છે.

એ મુદ્દો છે કે, ખાનગી ઘણી શૈક્ષણિક સંસ્થાઓ મનમાની કરે છે અને સરકાર પર હાવી હોય તેવું વર્તન કરે છે. આવી સંસ્થાઓને કડકાઈથી કાબુ કરવી અનિવાર્ય છે.

શૈક્ષણિક ક્ષેત્ર નૈતિકતાને પ્રાધાન્ય આપે તથા કારકિર્દીને બદલે જીવન ઘડતર પર ફોકસ કરે તેવી આશા માત્ર સરકાર પ્રત્યે રાખી શકાય તેમ છે. આ દિશામાં સકારાત્મક દ્રષ્ટિકોણથી સરકાર સક્રિય બને તેવી અપેક્ષા અને આગ્રહ આપણો છે.



પુ ભકિત સ્વામીજી ( હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ગુંડાઓની યાદી ... હવે કડક પગલા લેવાનો પડકાર

**ગુજરાતમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરાઈ છે અને હવે એમની સામે આકરા પગલા લેવાઓ પડકાર છે ત્યારે ૮૦નાં દાયકામાં ભાજપ દ્વારા ગુંડાગીરી નાબૂદી સમિતિની રચના કરાઈ હતી અને સ્થાપિત હિત ધરાવતી ગુનાખોરી સામે આંદોલન છેડવામાં આવ્યું હતું. બાદમાં કેશુભાઈ પટેલનાં શાસન દરમિયાન પોરબંદરની ગેંગનો સફાયો કરાયો હતો. આ રીતે કામ થાય તો ગુંડાગીરીનો અંત આવી શકે**

ગુજરાતમાં અમદાવાદમાં વસ્ત્રાલમાં ગુંડાગીરીની ઘટના બની એ પછી સરકારે આવા તત્વો સામે પગલાં લેવાનો નિર્ણય લીધો છે. અને અસામાજિક - ગુંડા તત્વોની યાદી બનાવાઈ છે અને એમાં હજારો નામો સામેલ કરાયા છે અને એની સામે પગલાં લેવાનું શરૂ કર્યું છે. પણ આ કામગીરી માત્ર દેખાવ નહિ પણ એના અંજામ સુધી પહોચે એ જરૂરી છે. કારણ કે ગુજરાતમાં થોડા સમયમાં જે ઘટનાઓ બની છે એ કાયદો વ્યવસ્થા માટે પડકાર છે. શરમજનક છે. કાયદાનો જાણે ડર નથી એવી છાપ ઉપસી છે. કાયદાનું શાસન છે એવું લાગવું જોઈએ, એવો અહેસાસ થવો જોઈએ.

આજની સ્થિતિએ ગુજરાતની એક મહત્વની ઘટના યાદ આવે છે. કોંગ્રેસના શાસનમાં પણ ગુંડાગીરી બહુ વધી ગઈ હતી અને એ સામે સૌરાષ્ટ્રમાં ગુંડાગીરી નાબૂદી સમિતિની રચના ભાજપ દ્વારા થઇ હતી. ભાજપના વરિષ્ઠ નેતાઓ સૂર્યકાંત આચાર્ય, ચીમનભાઈ શુક્લ, કેશુભાઈ પટેલ, ચકુભાઈ ડોડીયા વિગેરેએ એમાં કામ કર્યું હતું. આ સમિતિ સામે જે ફરિયાદો આવે એની ચકાસણી થતી હતી અને પછી પોલીસમાં રજૂઆત થતી હતી. અને એનો ઉકેલ આવતો કારણ કે, સૂર્યકાંત આચાર્ય અને ચીમનભાઈ શુક્લ જેવા નેતાઓ અંગે સરકારી તંત્રમાં પણ લાગણી હતી. એમને વિશ્વાસ હતો કે, આ લોકો જે વાત લઈને આવશે એ સાચી હશે એમાં જુઠાણા નહિ હોય.

૧૯૮૨માં ગુંડાગીરી નાબૂદી સમિતિની રચના થઇ હતી. કદાચ ગુજરાતમાં કોઈ પક્ષ દ્વારા આવી સમિતિની રચના થઇ હોય એવો આ પહેલો કિસ્સો હતો. આ સમિતિ પાસે ૯૦ જેટલી ફરિયાદો આવી હતી અને એની ચકાસણી કરવામાં આવેલી અને બાદમાં પોલીસને રજૂઆત થઇ હતી. માનગઢ હત્યાકાંડ વેળાએ આ સમિતિ દ્વારા બહુ મોટું સંમેલન બોલાવાયું હતું અને અમુક જ્ઞાતિની ગુંડાગીરી સામે અવાજ ઉઠાવાયો હતો. ૧૯૮૦થી ૧૯૯૦નાં દાયકામાં કેટલાક હત્યા કેસ બહુ વિવાદિત હતા. એમાં પોપટભાઈ સોરઠીયાથી માંડી ભરત કાંબલિયાની હત્યા ગણાવી શકાય.

૧૯૮૧માં લોધિકા તાલુકાના ચાંદલીના ખેડૂતોનું આંદોલન થયેલું અને એમાં પણ આ સમિતિની ભૂમિકા રહી હતી. અને આ સમિતિ દ્વારા ગુંડાગીરી મુદે એક ખાસ અંક પણ બહાર પાડવામાં આવેલો. આ સમિતિની શાખ બહુ હતી. અને એ કારણે કેટલાક કિસ્સાઓમાં તપાસ થઇ અને ગુનેગારને સજા થઇ હતી. કોંગ્રેસ સામે ભાજપનું આ આંદોલન અસરકારક રહ્યું હતું. ૧૯૮૫-૮૬માં દુષ્કાળ પડેલો અને કેટલકેમ્પમાં ગેરરીતિઓની ફરિયાદ હતી. સૂર્યકાંત આચાર્ય, ચીમનભાઈ અને ચુકુભાઈની ટીમે બધા કેટલકેમ્પ




પર જઈ એક વિગતવાર અહેવાલ તૈયાર કરાયો હતો અને એ આધારે ફૂલછાબ દૈનિકમાં તંત્રીલેખ લખાયો હતો. અને એની અસર ગાંધીનગરમાં થઇ હતી. અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી હતા અને હરિસિંહ મહીડા મહેસૂલ મંત્રી. એ સૌરાષ્ટ્રના પ્રવાસે આવવાના હતા અને અમરસિંહને કહેલું કે, ફૂલછાબમાં આવો તંત્રી લેખ આવે એ સરકાર માટે આપતિજનક છે. તમે એને ખુલાસા સાથે મળશો.

હરિસિંહ મહીડા તત્કાલીન તંત્રી હરસુખભાઈ સંઘાણીને મળે છે અને સરકારનો ખુલાસો રજુ કરે છે. હરસુખભાઈ કહે છે કે, ભાજપે તપાસ કરીને આ અહેવાલ આપેલો એના આધારે તંત્રી લેખ લખાયો હતો. અમે તમારો ખુલાસો એક દિવસ પછી છાપીશું. બાદમાં હરસુખભાઈએ ચકુભાઈને બોલાવ્યા અને વાત કરી તો કેટલકેમ્પ પર જઈ જે રજિસ્ટર મેળવાયા હતા એનો રેકર્ડ લઇ ફૂલછાબમાં રજુ કરાયો અને એ રેકર્ડ બાદમાં હરિસિંહ મહિડાને મોકલવામાં આવ્યો હતો. આ હદે સમિતિની પ્રતિષ્ઠા બની હતી જેટલી આજે સરકારી તંત્રની પણ નથી.

બાદમાં કેશુભાઈ પટેલની સરકાર બની અને એમણે ય ખાસ કરીને ગોંડલ, પોરબંદર અને અમદાવાદમાં ગુંડાગીરી સામે આકરા પગલાં લીધા હતા. પોરબંદરમાં ડીએસપી સતીશ વર્માના સમયમાં અનેક ગેંગ સામે જે પગલા લેવાયા હતા અને સરકારની છુટ્ટો દોર હતો. આજ કારણે પોરબંદરમાં ગેંગવોરનો અંત આવ્યો એમ કહી શકાય. અમદાવાદમાં લતીફનો ખાત્મો કરાયો હતો. એનાથી ય આગળ જઈ એક કિસ્સાની વાત કરીએ તો એક ભાજપના એક નેતાની હત્યા થઇ અને એમાં ભાજપના જ નેતાની સંડોવણી હતી. વાત કેશુભાઈ પાસે પહોચી અને એમણે ગૃહમંત્રી અને સરકારી વકીલ બંને બોલાવ્યા. અને સાચી વાત જાણી. સરકારી વકીલે કહ્યું કે, ભાજપના નેતા જ દોષી છે, પુરતા પુરાવા છે. કેશુભાઈએ ત્યારે જ કહી ધીધુ કે, એ ભાજપના નેતાને કહો કે, હાજર થઇ જાય. એમને કોઈ કાયદાકીય મદદ જોઈતી હશે તો પક્ષ પૂરી પાડશે, અને એ નેતા હાજર થયા અને જેલવાસ પણ ભોગવ્યો હતો.

આ રીતે સરકાર કામ કરે તો જ સામાજિક તત્વોમાં કાયદાની ધાક બેસે. સારી નિશાની છે કે, વર્તમાન ભાજપ સરકારે ગુંડાઓની યાદી તૈયાર કરી છે. આવા સાત હજારથી વધુ નામો છે. ૧૦૦ કલાકમાં યાદી તૈયાર કરવામાં આવી એનો અર્થ એ થયો કે, પોલીસને બધુંઈ ખબર હતી. તો શા માટે પગલાં ના લેવાયા? આ પ્રશ્ન પુછાય એ સ્વાભાવિક છે. કારણ કે, ગુજરાતમાં નકલી કોર્ટથી માંડી નકલી ટોલ નાકા સુધીના કિસ્સા શું બતાવે છે? ધારસભામા એક ટીપ્પણી થઇ કે, કોઈ ધારાસભ્ય એવું કહી શકે કે એમના મત વિસ્તારમાં ગેરકાયદે દારૂની ભઠ્ઠી ચાલતી નથી? અને ત્યારે બધા મૌન રહ્યા હતા.

જુગારનાં અડ્ડા બેરોકટોક ચાલે છે અને કોંગ્રેસે ધારાસભામાં જ આક્ષેપ કર્યો કે, પોલીસ હપ્તાખોર છે. આવા કિસ્સાઓનો પર નથી. ડ્રગ્સ જે રીતે ગુજરાતમાં પકડાય છે અને સહેલાઈથી મળે છે એ તંત્રની નબળાઈ ખુલ્લી પાડે છે. સુરતના ધારાસભ્યએ તો ખુલ્લેઆમ કહ્યું કે, સુરતની અમુક પોલીસે ઉઘરાણા કર્યા છે એમના સરઘસ કેમ કાઢવામાં આવતા નથી. આ ભાજપના ભાજપના જ છે. અધિકારીઓ દાદ દેતા નથી એવી ફરિયાદ તો ધારસભ્યો જ નહિ મંત્રીઓની પણ છે.

આ સંજોગોમાં કુણા વલણથી નહીં ચાલે. દેખાડા પુરતા એકાદ બે કેસમાં બુલડોઝર ફરે એનાથી કામ થવાનું નથી. આવા તત્વો પકડાય એ તો જરૂરી છે જ પણ કાયદાનો ડરએવો બેસવો જોઈએ કે નવા ગુંડાઓ પેદા નાં થાય. આ રીતે કામ કરવું પડશે. સુરત અને રાજકોટની આગ દુર્ઘટના અને મોરબીનાં પુલની ઘટના અને એવી ઘણી બધી ઘટનામાં પીડિતોને પુરતો ન્યાય મળ્યો નથી. આ સ્થિતિ દૂર થવી જોઈએ.

# ભાજપની સરકાર આવવાથી આંતકવાદી ઘટનાઓમાં ઘટાડો : શાહ



**ઔદ્યોગિક નીતિના કારણે જમ્મુ અને કાશ્મીરમાં રૂ. ૧૨,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું**

નવીદિલ્હી, તા. ૨૧

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ અને અપરાધ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી છે અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારના કાર્યકાળ દરમિયાન છેલ્લા કેટલાક વર્ષોમાં આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગૃહ મંત્રાલયના કામકાજ પરની ચર્ચાના જવાબમાં ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું, ''એક રીતે જોઈએ તો ગૃહ મંત્રાલય ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં કામ કરે છે. બંધારણે કાયદો અને વ્યવસ્થાની જવાબદારી રાજ્યોને આપી છે. સીમા સુરક્ષા અને આંતરિક સુરક્ષા ગૃહ મંત્રાલય હેઠળ આવે છે. આ યોગ્ય નિર્ણય છે અને તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.''

પરંતુ જ્યારે કાયદો અને વ્યવસ્થાની જવાબદારી રાજ્યોની છે, ૭૬ વર્ષ પછી પરિસ્થિતિ હવે એવી છે કે ઘણા પ્રકારના ગુના હવે રાજ્યની સરહદો સુધી મર્યાદિત નથી, તે આંતર-રાજ્ય અને બહુ-રાજ્ય બંને છે - જેમ કે નાર્કોટિક્સ, સાયબર ક્રાઈમ્સ, સંગઠિત ગુનાખોરી ગેંગ, હવાલા. આ બધા ગુનાઓ માત્ર એક રાજ્યમાં નથી થતા.'' અમિત શાહે કહ્યું કે દેશમાં ઘણા ગુનાઓ દેશની બહારથી પણ થાય છે. તેથી આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયમાં ફેરફાર કરવો જરૂરી બની ગયો છે. તેમણે કહ્યું કે હું ગર્વ સાથે કહું છું કે ૧૦ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગૃહ મંત્રાલયમાં લાંબા સમયથી પેન્ડિંગ ફેરફારો કર્યા છે.

ગૃહમંત્રીએ સંસદમાં આગળ કહ્યું, તમારા (યુપીએ) શાસન દરમિયાન, જમ્મુ-કાશ્મીરમાં ૩૩ વર્ષ સુધી સિનેમા હોલ ખોલવામાં આવ્યા ન હતા, તે અમારા સમયમાં ખોલવામાં આવ્યા હતા. અમારા જમાનામાં તાજિયાના સરઘસની મંજૂરી નહોતી. **G-20** દરમિયાન, વિશ્વભરના રાજદૂતોએ જમ્મુ અને કાશ્મીરના ખોરાક, સંસ્કૃતિ અને સુંદરતાનો આનંદ માણ્યો, શાહે ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે એક દેશમાં બે પ્રતીક, બે વડા અને બે બંધારણ નહીં હોય. કલમ ૩૭૦ હટાવીને મોદી સરકારે 'એક બંધારણ, એક ધ્વજ'ના બંધારણ નિર્માતાઓનું સપનું પૂરું કર્યું. તેણે કહ્યું, ''તે કેવી રીતે હોઈ શકે?'' દેશમાં માત્ર એક જ વડાપ્રધાન હોઈ શકે, માત્ર એક જ બંધારણ અને માત્ર એક જ ધ્વજ, પરંતુ તે વર્ષોથી ચલાવવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આખી દુનિયામાં માત્ર બે જ દેશ છે જે પોતાની સરહદ અને સેના માટે હંમેશા તૈયાર રહે છે. ઈઝરાયેલ અને અમેરિકા. પીએમ મોદીએ આ બે દેશોની યાદીમાં મહાન ભારતનું નામ ઉમેર્યું અને ત્યાંથી આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ શરૂ થઈ. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ, ઉત્તર-પૂર્વમાં બળવાખોરી અને ડાબેરી ઉગ્રવાદ એ ત્રણ નાસકો હતા જે દેશના વિકાસને અવરોધે છે; આ કારણોસર ૯૨,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.

મોદી સરકાર દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં મૃત્યુમાં ૭૦ ટકાનો ઘટાડો થયો હતો. આતંકવાદી ઘટનાઓમાં પણ ઝડપથી ઘટાડો થયો છે. તેમજ આકર્ષક ઔદ્યોગિક નીતિના કારણે જમ્મુ અને કાશ્મીરમાં રૂ. ૧૨,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું, રૂ. ૧.૧ લાખ કરોડના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અમિત શાહે એમ પણ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે પાકિસ્તાન પર ઉરી અને પુલવામા હુમલાનો જવાબ ૧૦ દિવસમાં સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી આપ્યો. સાથે જ તેમણે કહ્યું કે ડાબેરી ઉગ્રવાદ ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં ખતમ થઈ જશે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ ગોદાવરી (ભાગ ૪)

**ગો + દાવરી એટલે કે, જે આપણી ઈન્દ્રિયોને એક દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરે !**



ચોથા દિવસની માનસ ગોદાવરીની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, શાસ્ત્રમાં પણ ગોદાવરીનાં ખૂબ બધાં અર્થ મળે છે. પણ હું તમારી સમક્ષ એક વાત મુકવા માગુ છું કે ગો નો અર્થ થાય આપણી ઈન્દ્રિયો! ગોદાવરી શબ્દના બે ભાગ કરવામાં આવે તો ગો + દાવરી એમ થાય. દાવરી શબ્દનો સીધોસાદો અર્થ કરીએ તો એક પ્રકાશ કિરણ! એક પ્રકારનું અજવાળું! કે એક પ્રકારનો આલોક, એટલે કે જે આપણી ઈન્દ્રિયોને જે પ્રકાશિત કરે તે ગોદાવરી! આપણી ઈન્દ્રિયો અત્યારે અંધારામાં ભટકી રહી છે. એક ગૌતમ ધર્મસૂત્ર નામનો ગ્રંથ છે, એમાં એક બહુ સુંદર સૂત્ર છે, અભદ્રં ભદ્રં ઈતિ બ્રૂયાત, અને અમંગલ મંગલ ઈતિ બ્રૂયાત, એટલે કે અમંગલ ને પણ મંગલ રુપે પ્રસતુત કરો! આપણાં ઋષિમુનિઓએ બહુ જ ચિંતન મનન કરીને આવાં અમંગલ ને મંગલ રીતે પ્રસ્તુત કર્યા છે! એમણે આપણને વેદ વેદાંત ઘૂંટી ઘૂંટીને પાયું છે! આ વસુધા એના ઉપકારથી ક્યારેય મુક્ત નહીં થઈ શકે.

રામકથામાં આવી જ ગયાં છો તો એક બે ઘૂંટ પી ને જાવ! કથા એ મહોબ્બતનું મયખાનુ છે! અને એટલે જ હું કથાને પ્રેમ યજ્ઞ કહું છું. બુદ્ધ પુરુષનાં હાથમાં ખોટો સિક્કો પણ સાચો લાગે છે, જ્યારે બુદ્ધુનાં હાથમાં સાચો સિક્કો પણ ખોટો લાગે છે. કોણે સ્પર્શ કર્યો છે એના પર બધું છે!, તમે પીવો છો એવી જેવી તેવી શરાબની વાત નથી! એટલે આ રૂહાની મદિરાની એટલે ખુમારીની વાત છે, રૂહાની મદિરાને રસૌવેશ પણ કહે છે, અને એની ચાર શરત છે. પહેલી શરત છે અધિકારી બનવું પડે! પછી ક્યારે પીવું! અને કેટલુ પીવું! અને ક્યાં પીવું! આ ચાર શરત છે રૂહાની મદિરાની! એટલે કે હરિરસ સુધા, તો કોણ છે એ નશાનાં અધિકારી! જાઉં કહાં તજી ચરણ તિહારો! શુકદેવજી ભાગવતમાં કહે છે કે જે ચરણ છોડીને ક્યાંય જાય નહીં! એની અન્ય ક્યાંય તેની ગતિ ન્હોય. એમતો શાસ્ત્રો ભરી ભરીને હરિરસ સુધા કે સૂરા પડી છે, પણ સીધેસીધું પી શકાતું નથી, કોઈ પીવડાવવા વાળું જોઈએ. ગુરુ વચનથી અધિકાર પ્રાપ્ત થાય છે, જેમને ગુરૂ ચરણમાં દ્રઢ વિશ્વાસ છે. સદગુરુ પીવડાવે ત્યારે એને ચરણે બેસીને અને જેટલું કહે એટલું. સદગુરુ સંસારી સાધક ને આખો દિવસ રામ રામ રટવાનું નહીં કહે! એ કહેશે ખેતરે જાવ છોકરાવ સાથે બેસો રમો પત્નીની માંગ મુજબ રહો બધું કરો, અને પછીના સમયમાં જપ કરો.

આવી ગોદાવરીનાં તટ પર કેટલાક એવા તટ આવે છે જેનું માનસિક દર્શન કરીએ. પહેલો તટ આવે છે સરજૂ તટ પ્રજાજનોની ચર્ચા છે! રાજ પરિવારની ચર્ચા છે! રામ જન્મની ચર્ચા છે. ભગવાન પરણીને આવ્યા અને સરજૂનાં તટ પર વસેલી અયોધ્યા સમૃદ્ધિથી સભર થઈ. ગંગાના તટ પર લક્ષ્મણ ગીતાની કથા છે, ત્યાં ગુહરાજને વિષાદ યોગ થયો છે, અને લક્ષ્મણજી ગુહને જાગૃત કર્યો. મંદાકિનીના તટ પર ભરત મિલન એટલે કે ભાતૃ ભાવની કથા છે, સીતા રામના વિહારની કથા છે. લંકાનાં વર્ણનમાં સરોવરની ચર્ચા છે, કૂપની વાત છે,પણ ક્યાંય સરિતાની વાત નથી.પછી પાછું સરજૂ તટ પર રામરાજ્યનુ વર્ણન છે. એક માત્ર ગોદાવરીનો તટ એવો છે, જ્યાં એક ભગીનીનું વર્ણન છે.

સૂપનખા રાવન કે બહિની દ્રૃષ્ટ હ્રદય દારુન જસ અહિની,
પંચવટી સો ગઈ એક બારા,દેખી બિકલ ભઈ જુગલ કુમારા.

સ્પષ્ટ રૂપમાં માનસમાં એક બહેનની કથા માત્ર ને માત્ર ગોદાવરીનાં તટ પર છે, લંકામાં નદી છે જ નહીં એટલે ત્યાં સંહારની કથા છે. આપણે પહેલા દિવસની કથામાં જોયું હતું કે ગોદાવરીમાં તટ પર પાંચ ઘટના ઘટે છે પહેલી રામ ગીતા, બીજી શૂર્પણખાનો પ્રસંગ, ખર દૂષણનાં વધનો પ્રસંગ, મારીચ વધ, અને સીતા અપહરણ! એક એવી બહેનનો પ્રસંગ આ ગોદાવરીનાં તટ સાથે જોડાયેલ છે જે, સર્પીણીની જેમ વિષથી ભરેલી છે.

શૂર્પણખાનો પ્રસંગ આપણને કંઈ રીતે માર્ગદર્શન આપે છે, ગોસ્વામીજી શૂર્પણખાને આવતા દેખાડે છે,એ દંડક વનમાં હતી, સ્વછંદ બનીને ફરતી હતી. એકવાર એ પંચવટીમાં આવે છે, અને રામ લક્ષ્મણને જોઈને વિકળ થઈ જાય છે. એની આ વિકળતા કામને લીધે હતી, એનાં મનમાં આ ભાઈઓને પામવાની ઝંખના જાગી, અને એણે સુંદર રૂપ ધારણ કર્યું અને જાનકીની હાજરીમાં પ્રભુને કહે છે કે, મેં આજ સુધી તમારી જેવો કોઈ પુરૂષ નથી જોયો, અને તમે પણ મારા જેવી સુંદર બીજી નારી નહીં જોઈ હોય!

પંડિત રામકિંકરજી મહારાજને યાદ કરી કહ્યું કે શૂર્પણખાની સમસ્યા એ છે કે, એ સતની સામે અસત બોલે છે. મારા જેવી કોઈ સ્ત્રી નથી! દૃષ્ટ દારુણ સાપિણી, ઉપરથી રૂપાળું રુપ ધારણ કરીને કહે છે કે મારા અનુરૂપ કોઈ મળ્યું નહીં, એટલે આજ સુધી કુંવારી છું! એ પરિણીત હતી ઉપરથી વિધવા. પરંતુ એ જ શૂર્પણખા રાવણની સભામાં ગઈ તો સત બોલવા લાગી, એટલે અસત સામે સત વચન! કોઈ બુદ્ધ પુરુષથી દિક્ષિત થયા પછી અસત્ય પણ સત્ય બોલ્યા વગર રહી શકતો નથી.પણ ગુરુકૃપા કહે છે કે શૂર્પણખા એક આસક્તિ છે, અને ક્યાંય સ્થિર થઈ શકી નહીં, એ જ એની સૌથી મોટી સમસ્યા છે. આ પ્રસંગ આપણને પ્રેરણા આપે છે કે મનની પંચવટીમાં કોઈ આસક્તિ રૂપે શૂર્પણખા આવી ન જાય!

સીતહિ ચિતઈ કહી પ્રભુ બાતા,
જહઈ કુઆર મોર લઘુ ભ્રાતા.

ગુરુકૃપાથી જેમને ગતિ કરવી હોય ધીરે ધીરે આજીવનમાં પરમને પ્રાપ્ત કરવા હોય અખંડ પ્રસન્નતાના અધિકારી થવા એમના માટે બહુ જ મોટો સંકેત છે. કે જો જીવનની પંચવટીમાં રૂપાળું રૂપ ધારણ કરીને કોઈ સુંદર આસક્તિ આપણને પ્રલોભિત કરવા માટે આવે, ત્યારે મર્યાદાથી વાત કરી દ્રષ્ટિને ભક્તિ પર રાખવી. સાધકની દ્રષ્ટિ ભક્તિમય હોવી જોઈએ, અને કોઈ આસક્તિ આસપાસ ફરે નહીં તે જોવાનું.

પ્રસંગમાં આગળ પ્રભુ પોતે પરણિત છે, એમ કહી સીતાજીને દેખાડે છે, અને પોતાના નાના ભાઈ પાસે મોકલે છે. આસક્તિને વળી ઠેકાણુ શું? લક્ષ્મણ નીતિશાસ્ત્રનો ઉદઘોષ કરે છે, અને પોતે તો દાસ છે, તેથી આખી જિંદગી સ્વામીની સાથે દાસ થઈને રહેવું પડશે! આમ બંને ભાઈઓ એ શૂર્પણખાને આમ થી તેમ ધક્કા કરાવ્યાં! એટલે કે આસક્તિ પ્રવૃત્તિ નિવૃત્તિ નામે જીવનમાં આવે છે, એવું પણ આ ઘટના દર્શાવે છે. અંતે કસોટીનો સમય આવે છે,અને રૂપ માંથી સ્વરૂપ પર આવી જાય છે, અને ભગવાન પણ એ જ જોવા માગે છે. ભક્તિ અને આસક્તિ બંને સાથે હોય ત્યારે આસક્તિને એમ લાગે કે ભક્તિ ચાલી જાય, તો એનો ચાન્સ લાગી જાય, પણ ભક્તિને કોઈ મિટાવી શકતું નથી. પણ શૂર્પણખા પોતાના અસલી સ્વરૂપમાં આવીને જાનકી પર એટેક કરે છે, અને પ્રભુ લક્ષ્મણને ઈશારો કરે છે અને લક્ષ્મણ તેનાં કાન નાક કાપી નાખે છે. સાધકની રીતે આ ઘટનાને જોઈએ તો સદગુરુ જ્યારે દીક્ષા આપે ત્યારે, એ સાધકના નાક કાન કાપી નાખે છે, એટલે સ્વર્ગની કામના કાઢી નાખે છે. સદગુરુ ઈચ્છે કે તું મારા શરણમાં આવી ગયો છે, એટલે હવે બધું સમાપ્ત! નાક એટલે પ્રતિષ્ઠાનો અહંકાર આવે એટલે પુરું. માટે જે ઈન્દ્રિયો આપણને તમસ તરફ દોરી જાય, એને સદગુરુ કાપી નાખે છે.

ખર દૂષણનાં પ્રસંગમાં ફરી એકવાર રામ કિંકરજી મહારાજને યાદ કરીને કહ્યું કે ખર દુષણ સાથે પ્રભુએ ૧૪૦૦૦ રાક્ષસોને એક બીજામાં રામના દર્શન કરાવીને મુક્તિ આપી. એમણે કહ્યું કે ૧૪,૦૦૦ પ્રકારના રાગ દ્વેષ માનવીય માનસમાં જોવા મળે છે, અને એ રાગ દ્વેષને જ્યારે રામનાં દર્શન થશે, ત્યારે જ તેનો નાશ થાય છે. આમ કહી માનસ ગોદાવરી અંતર્ગત ગોદાવરીનાં તટ પર બનેલા પાંચ પ્રસંગ માંથી શૂર્પણખા વાળા પ્રસંગની સમાપ્તિ કરી ચોથા દિવસની કથાને વીરામ આપ્યો.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### અપમૃત્યુની પાંચ અલગ અલગ ઘટનાઃ સ્વજનોને ગુમાવનારા પરિવારજનો થઇ ગયા શોકમાં ગરકાવ

# કુતરાએ હડી કાઢી ને વૃધ્ધાનું હૃદય બંધ પડયુંઃ બાઇકમાંથી પટકાતા મોત

## બીજા બનાવોમાં ગેરેજમાં બેઠેલા યુવાન ઢળી પડ્યા, ચા પીવા ઉભેલા વૃધ્ધને દિલ દગો દઇ ગયુંઃ ઓગણીસ વર્ષના યુવાનને વાહન અકસ્માતની ઘાત નડીઃ પાંચમા બનાવમાં પરિણીતાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું





રાજકોટઃ અકાળે આવી જતાં મૃત્યુ જે તે હતભાગીના પરિવારજનોને શોકના સમંદરમાં ધકેલી જતાં હોય છે. અપમૃત્યુની વધુ આવી કેટલીક ઘટનાઓ બની છે. જેમાં એક બનાવમાં કુતરાને કારણે દિકરાના બાઇક પાછળ બેઠેલા વૃધ્ધાને હાર્ટએટેક આવી જતાં ચાલુ બાઇકમાંથી પડી જતાં તેમનું મોત થયું હતું. બીજા બનાવમાં ગેરેજ સંચાલક યુવાનનું ગેરેજમાં ઢળી પડતાં મૃત્યુ થયું હતું. આ જ સ્થળે તેના નાના ભાઇનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં ચા પીવા હોટલે ઉભેલા છાસ-દુધના ધંધાર્થી પ્રૌઢનું હૃદય બંધ પડી જતાં જીવ નીકળી ગયો હતો. ચોથા બનાવમાં ઓગણીસ વર્ષના યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી ગઇ હતી. પાંચમા બનાવમાં એક ત્રેવીસ વર્ષની પરિણીતાનું રાજકોટની હોસ્પિટલમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવ કોઠારીયા રોડ સુભાષનગરના વૃધ્ધા સાથે બન્યો હતો. તેઓ હુડકોની શાકમાર્કેટમાંથી બકાલુ લઇ દિકરાના મોટરસાઇકલ પાછળ બેસી ઘરે જતાં હતાં ત્યારે નવનીત હોલ પાસે પહોંચતા કુતરૂ પાછળ દોડતાં તે ગભરાઇ ગયા હતાં અને હાર્ટએટેક આવી જતાં ચાલુ બાઇકમાંથી પડી ગયા હતાં. બેભાન હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ આ ઘટનામાં વૃધ્ધાના મોત માટે કુતરૂ નિમીત બની ગયું હતું. માહિતી જોઇએ તો કોઠારીયા રોડ સુભાષનગરમાં રહેતાં પ્રભાબેન માવજીભાઇ ફળદુ નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધા સાંજે દિકરા દિલીપભાઇના બાઇક પાછળ બેસી હુડકોની શાકમાર્કેટમાં ગયા હતાં. મા-દિકરો શાકભાજી લઇ પરત ઘર તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં રામ પાર્ક નવનીત હોલ પાસે પહોંચતા તેઓ ચાલુ બાઇકમાંથી પડી જતાં બેભાન થઇ ગયા હતાં.

તેમને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ વહેલી સવારે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પ્રભાબેનને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પતિ હયાત નથી. દિકરાના કહેવા મુજબ અમે શાકભાજી લઇ ઘરે જતાં હતાં ત્યારે કુતરૂ પાછળ દોડતાં મારા બા ગભરાઇ ગયા હતાં અને એ કારણે હૃદય બેસી જતાં પાછળથી પડી ગયા હતાં. પોસ્ટમોર્ટમમાં પણ હાર્ટએટેકથી મૃત્યુ થયાનું ખુલ્યું હોવાનું સગાએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં ગોંડલ રોડ ડી માર્ટ પાછળ રામ ઔર શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતાં હિતેષભાઇ ભીખુભાઇ સુરેલીયા નામના એકતાલીસ વર્ષના યુવાન સાંજે ભક્તિનગર સ્ટેશન પ્લોટ-૧૪માં ખોડિયાર ચોક ખાતે પોતાના ચામુંડા ગેરેજ ખાતે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. સત્તર વર્ષ પહેલા હિતેષભાઇના નાના ભાઇ જીજ્ઞેશભાઇનું પણ આ ગેરેજ ખાતે હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. જ્યારે તેમના માતા ચારેક વર્ષ પહેલા ઘરના રવેશમાં ઉભા ઉભા નીચે ઉભેલા મહિલા સાથે વાત કરતાં હતાં ત્યારે અકસ્માતે પડી જતાં મૃત્યુ થયું હતું.

અપમૃત્યુની ત્રીજી ઘટના પણ દિલની દગાખોરીને કારણે બની હતી. બીજા બનાવમાં સાધુ વાસવાણી રોડ પર રહેતાં હીરાભાઇ દેવાભાઇ જોગરાણા નામના એકાવન વર્ષના પ્રૌઢ કોઠારીયા રોડ મેઘાણીનગરમાં ચાની હોટલે ચા પીવા ઉભા ત્યારે એકાએક ઢળી પડતાં ૧૦૮ બોલાવાઇ હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. ભક્તિનગરના હેડકોન્સ. પ્રશાંતસિંહે તપાસ કરી મૃતકના સગાને જાણ કરી હતી. તપાસમાં ખુલ્યા મુજબ હીરાભાઇ પરમ દિવસે ગોવિંદનગરમાં બુધવારી ભરાતી હોઇ ત્યાં બાઇકમાં કેન રાખી ઠંડી છાસ વેંચવા આવ્યા હતાં. બાદમાં ઘરે જતી વખતે ચા પીવા ઉભા ત્યારે હાર્ટએટેક આવી ગયો હતો. તેમને સંતાનમાં બે પુત્ર છે.

ચોથા બનાવમાં વાહન અકસ્માતમાં એક પરિવારે આધારસ્તંભ દિકરો ગુમાવ્યો હતો. અમરેલીના ચલાલા નજીક કારની ઠોકરે બાઇક ચડી જતાં જાફરાબાદ તાબેના રોહીશા ગામના પ્રકાશ છગનભાઇ વાઘેલા નામના ઓગણીસ વર્ષના યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. રોહીશા ગામે રહેતો પ્રકાશ વાઘેલા ગત સાંજે અમરેલી કામ માટે અને આટો મારવા ગયો હતો. રાતે અગિયારેક વાગ્યે તે પરત પોતાના ગામે બાઇક પર જઇ રહ્યો હતો ત્યારે ચલાલા પાસે કારના ચાલકે ઉલાળી દેતાં ગંભીર ઇજા થઇ હતી. અકસ્માત બાદ કાર મુકી તેનો ચાલક ભાગી ગયો હતો. પ્રકાશને ગંભીર ઇજા થતાં ચલાલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થયું હતું. પ્રકાશ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતો અને અપરિણીત હતો. તે ખેતી કરી ગુજરાન ચલાવતો હતો. પોલીસે કારચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

પાંચમા બનાવમાં જસદણના ગઢડીયા ગામે રહેતી ત્રેવીસ વર્ષની રમીલાબેન અશોકભાઇ શિયાળ નામની પરિણીતાને રાતે ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેણીને પેરેલિસિસની અસર હોવાની શક્યતાએ સારવાર માટે એમઆઇસીયુમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારજનને મૃત્યુ અંગે શંકા લાગતાં અને કદાચ બેદરકારી હોઇ શકે તેવું લાગતાં પોસ્ટમોર્ટમ કરાવવાની માંગણી કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને જાણ કરી હતી. રમીલાબેનના પ્રથમ પતિનું કોરોનામાં અવસાન થયું હતું. તેણીએ અશોક શિયાળ સાથે ચાર વર્ષ પહેલા બીજા લગ્ન કર્યા હતાં. આગલા ઘરના બે દિકરા છે. પતિ અશોક ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. પતિ, પરિવારજોએ કહ્યું હતું કે ઇન્જેકશન અપાયા બાદ કદાચ તબિયત બગડી હતી જેથી અમારે પોસ્ટમોર્ટમ કરાવવું છે. મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ બાદ બહાર આવશે. જસદણ પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી. આમ પાંચ ઘટનામાં સ્વજનોને ગુમાવનારા અલગ અલગ પરિવારોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

# બાલાજી નમકીન એન્ડ સમોસા હાઉસ પર તંત્રનો દરોડો

## ૪૨ કિલો અખાદ્ય જથ્થો કરાયો નાશ : ૧૮ નમૂનાની સ્થળ પર જ કરાઇ ચકાસણી : ૧૧ ધંધાર્થીઓને લાઇસન્સ મેળવવા બાબત પાઠવી નોટીસ



રાજકોટ, તા. ૨૧.

હાલ મિશ્ર ઋતુ જોવા મળી રહી છે તેમાં જો અખાદ્ય ખોરાક જો લોકો સેવન કરે તો તેમનું સ્વાસ્થ્ય જોખમાઈ શકે તેમ છે ત્યારે ભવિષ્યની ચિંતા કરીને હાલ મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ શહેરના અનેકવિધ વિસ્તારોમાં જઈ હાલ ફૂડ ચેકિંગ કરી રહી છે જેમાં તેઓને શંકાસ્પદ અથવા તો વાસી ચીજવસ્તુ લાગતા જ તેનો નાશ કરી દેવામાં આવે છે ત્યારે ગઈકાલે મહાનગરપાલિકાની સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ગોંડલ રોડ, વિજય પ્લોટ શેરી નં.૧૦ કોર્નર, રાજકોટ મુકામે આવેલ ‘‘બાલાજી નમકીન એન્ડ સમોસા‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી કચોરી, સમોસાનો મસાલો તથા યોગ્ય લેબલિંગ વગરની પેકડ છાસ મળીને કુલ અંદાજીત ૩૨ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સુભાષનગર મેઈન રોડ, જૂની આમ્રપાલી સિનેમા પાસે, રૈયા રોડ, રાજકોટ મુકામે આવેલ ‘‘અંકુશ ખમણ હાઉસ‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ લોટમાં જીવાત મળી આવતા અંદાજીત ૧૦ કિ.ગ્રા. જીવાત વાળો અખાદ્ય લોટ સ્થળ પર નાશ કરવામાં આવેલ.


તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અમીન માર્ગ, રાજકોટ મુકામે આવેલ ‘‘કભી’ભી કેક સ્ટુડિયો‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ ૧૦ નંગ વાસી અખાદ્ય પફ મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ. ફૂડ વિભાગની ટીમ તથા ઋજીઠ વાન સાથે શહેરના ભગવતીપરા મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૧ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

### દિકરીએ ભુલથી ઝેરી ટ્યુબ આઇસ્ક્રીમ-ચામાં ભેળવી દીધાઃ માતાએ તેનું સેવન કર્યુ, ઉલ્ટીઓ ચાલુ થઇ અને મોત થઇ ગયું

# માસુમ બાળકીની રમત તેની જનેતાના મોતનું કારણ બની!

### ચોંકાવનારી ઘટનામાં ચોવીસ વર્ષિય પરિણીતાએ રાજકોટમાં અંતિમશ્વાસ લીધાઃ દિકરી મા વિહોણી થઇ ગઇ



રાજકોટઃ અપમૃત્યુની રોજબરોજ બનતી ઘટનાઓ વચ્ચે એક ચોંકાવનારી અને માની ન શકાય એવી ઘટના સામે આવી છે. જેમાં એક માસુમ ત્રણ વર્ષની દિકરીએ રમતાં રમતાં કરેલી ભુલ તેની માતાના મોતનું કારણ બની ગઇ હતી. બાળકો ઘણી-વાર રમત રમતમાં મુશીબતનેગળે લગાડી લેતાં હોય છે અને ઘણીવાર આવી રમત તેમના માટે જીવલેણ પણ નીવડતી હોય છે. દરમિયાન એક કિસ્સામાં ત્રણ વર્ષની દિકરીએ રમતાં રમતાં ઉંદર મારવાની ટ્યુબમાંથી દવા માતાની ચા કે આઇસ્ક્રીમમાં ભેળવી દેતાં આ વસ્તુનું માતા ભુલથી સેવન કરી જતાં ઝેરી અસર થતાં તેણીનું મોત થયું હતું. આ બનાવને પગલે પરિવાર-માં કલ્પાંત સર્જાયો હતો.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં જેતપુરના વિરપુરમાં બન્યો છે. અહિ ત્રણ વર્ષની બાળકીએ રમતાં રમતાં ઝેરી ટ્યુબ ચા કે આઇસ્ક્રીમમાં ભુલથી ભેળવી દેતાં અને આ ચા તથા આઇસ્ક્રીમનું તેણીની માતાએ સેવન કરતાં તેણીને ઝેરી અસર થતાં મોત થયું હતું. જેના પગલે આ માસુમ બાળકી મા વિહોણી થઇ ગઇ હતી. વધુ માહિતી અનુસાર વિરપુરમાં રામબાગ પાસે મફતીયાપરામાં ઓરડીમાં માતા-પિતા સાથે રહેતી ચોવીસ વર્ષની પૂજાબેન વિક્રમ સિંગ નામની પરિણીતાને બપોરે ઝેરી અસર થતાં વિરપુર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ઉંદર મારવાની ઝેરી દવાની અસર થયાનું કહેવાતાં તબિબે પોલીસને જાણ કરતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, તૌફિ-કભાઇ, કાનાભાઇએ વિરપુર પોલીસને જાણ કરી હતી. પરંતુ સારવાર દરમિયાન પૂજાબેનનું મોત થયું હતું. પૂજાબેનના માતા રેખાબેને રમેશભાઇ પરમારે કહ્યું હતું કે મારે સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે.

જેમાં પૂજાબેન વિરપુરમાં હોટેલમાં કામે જતી હોઇ ત્યાં કામ કરતાં આગ્રાના વિક્રમ સિંગ સાથે પ્રેમ થઇ જતાં ચાર વર્ષ પહેલા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતાં. પછી બંને દિકરી-જમ-ાઇ મારી સાથે જ રહેતાં હતા. પૂજાબેનને સંતાનમાં ત્રણ વર્ષની એક દિકરી છે. થોડા સમય પહેલા પતિ વિક્રમ અને પૂજાબેન વચ્ચે ઝઘડો થતાં વિક્રમ તેણીને મુકીને તેના વતન જતો રહ્યો છે. દરમિયન બપોરે જમ્યા બાદ મારી દિકરી પૂજાબેનએ ચા પીધી હતી અને આઇસ્ક્રીમ પણ ખાધો હતો. એ પછી એકાએક ખુબ ઉલ્ટીઓ ચાલુ થઇ ગઇ હતી. નજીકમાંથી અમને ઉંદર મારવા માટેની ઝેરી દવાની ટ્યુબ મળી હતી.

જેથી અમે તેણીને તુરત હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાંથી રાજકોટ લઈ જવાનું કહેવાતાં અહિ સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતાં. પરંતુ સારવાર કારગત નીવડી નહોતી અને અમારી કિદરીનું રાતે મૃત્યુ થયું હતું.

આ કરૂણ ઘટના વિશે મૃતકના માતા રેખાબેને વધુમાં જણાવ્યુ હતું કે અમને શંકા છે કે ત્રણ વર્ષની દિકરીએ રમતાં રમતાં ચા અથવા આઇસ્ક્રીમમાં આ ટ્યુબ ભુલથી ભેળવી દીધી હતી. એ પછી ચા કે આઇસ્ક્રીમનું સેવન કર્યા બાદ પૂજાને ઝેરી અસર થઇ હતી અને તેણીનું મોત થયું હતું. આ ઘટનામાં વિશેષ તપાસ વિરપુર પોલીસે હાથ ધરી હતી. બાળકીએ ભુલથી ઝેરી ટ્યુબ ભેળવી દેતાં આ ઘટના બની કે પછી પૂજાબેન જાતે દવા પી ગઇ? તેની તપાસ થઇ રહી છે.

### બીજા બનાવમાં ટ્રેનની ટક્કર અજાણ્યા યુવાન માટે જીવલેણ નીવડી

બીજા એક બનાવમાં વાંકાનેર રેલ્વે સ્ટેશન પાસે અજાણ્યો આશરે ત્રીસ વર્ષનો યુવાન ટ્રેનની અડફેટે આવી જતાં ગંભીર ઇજા થતાં વાંકાનેર અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ વહેલી સવારે મોત થયું હતું. રાજકોટ રેલ્વે પોલીસને જાણ થતાં કાર્યવાહી કરી મૃતકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી.

જંકશન રેલ્વે સ્ટેશને દુરન્તો એક્સપ્રેસમાંથી એક સગીર સાથે ઉતરેલી મહિલાને રેલ્વે પોલીસે આંતરીઃ ધાબળામાં છુપાવ્યો હતો માદક પદાર્થ

# જામનગરી યાસ્મીન રાજકોટમાં ૧૯.૮૯ લાખના MD સાથે ઝડપાઇ

## અઝરૂ નામના શખ્સે ટ્રીપના દસ હજાર ચુકવી મુંબઇ મોકલી હતીઃ ત્યાંના નિઝામ નામના શખ્સે આપ્યુ હતું એમડીઃ સગીર તેના દિકરા જેવો લાગે અને પોલીસ શંકા ન કરે તે માટે સાથે લઇ ગઇ હતીઃ વધુ એક વખત ડ્રગ્સની હેરાફેરીમાં મહિલા પેડલરના ઉપયોગનો પર્દાફાશ

રાજકોટઃ યુવાધનને ખોખલુ કરી દેતી માદક પદાર્થની બદ્દીને નાબુદ કરવા પોલીસ સક્રિય રહે છે પરંતુ ડ્રગ્સના સોદાગરો, પેડલરો નવા નવા નુસ્ખાનો ઉપયોગ કરી હેરાફેરી કરતાંરહે છે. દરમિયાન રાજકોટ રેલ્વે એસઓજી અને એલસીબીની ટીમે આવી જ એક માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કરી જામનગરની મહિલા અને એક સગીરને રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન ખાતેથી રૂા. ૧૯,૮૯,૦૦૦ના માદક પદાર્થ એમડી-મેફેડ્રોન ડ્રગ્સ સાથે દબોચી લીધા છે. આ મહિલા જામનગરના એક શખ્સના કહેવાથી ૧૦ હજાર વસુલી મુંબઇના શખ્સ પાસે ડ્રગ્સ લેવા ગઇ હતી. રાજકોટ ટ્રેનમાંથી ઉતરી બીજા વાહન મારફત જામનગર જાય એ પહેલા પકડાઇ ગઇ હતી.



વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ પર જય માતાજી સ્ટોલ પાસેથી રેલ્વે એસઓજી, એલસીબીની ટીમે જામનગરની મહિલા અને સાથેના સગીરને રૂા. ૧૯,૮૯,૦૦૦ના ૧૯૮.૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે પકડી લીધા હતા.

રેલ્વે એસઓજી અને એલસીબીની ટીમો સવારે જંકશન રેલ્વે સ્ટેશન પર પેટ્રોલીંગમાં હતી ત્યારે પ્લેટફોર્મ નંબર એક ઉપર મુંબઇથી દુરન્તો એક્સપ્રેસ ટ્રેન આવતાં મુસાફરો ઉતરીને બહાર તરફ રવાના થયા હતાં.

એ દરમિયાન કોચ નં. બી-૩માંથી એક છોકરા સાથે ઉતરેલી મહિલા શંકાસ્પદ જણાતાં મહિલા પોલીસની મદદથી તેને અટકાયતમાં લઇ તપાસ કરતાં તેના ઓઢવાના ધાબળા અંદરથી પ્લાસ્ટીકની બેગમાં સફેદ રંગના પાવડર જેવો પદાર્થ મળ્યો હતો.

આ પાવડર શું છે? તે બાબતે મહિલાની રેલ્વે પોલીસે પુછતાછ કરતાં તેણીએ યોગ્ય જવાબ ન આપતાં એફએસએલ અધિકારીને બોલાવી તપાસ કરાવતાં આ પદાર્થ એમડી ડ્રગ્સ હોવાનો અભિપ્રાય આપતાં તેનો વજન કરાવતાં ૧૯૮.૯ ગ્રામ થયો હતો. જેની બજાર કિમત રૂા. ૧૯,૮૯,૦૦૦ ગણી એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કરી મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. વિશેષ પુછપરછ થતાં આ મહિલાએ પોતાનું નામ યાસ્મીન અનવરભાઇ સેતા જણાવ્યું હતું. ચાલીસ વર્ષની આ મહિલા જામનગર સૈયદી હોટલ પાછળ આવાસ ક્વાર્ટર ગોલ્ડન સીટી પાસે રહે છે.

તેમજ સાથેનો સગીર પણ જામનગરનો હોવાનું અને પોલીસને ગેરમાર્ગે દોરવા પોતાની સાથે લઇ ગયાનું રટણ કર્યુ હતું. યાસ્મીન સેતાએ વધુમાં કબુલ્યું હતું કે પોતાને હાલ આર્થિક સંકડામણ ચાલતી હોઇ પૈસાની જરૂર હોઇ જામનગરના પરીચીત અઝરૂને કોઇ કામ હોય તો જણાવવાનું કહેતાં અઝરૂએ મુંબઇ જઇ એક શખ્સ જે પાર્સલ આપે તે લઇ આવવાના બદલામાં દસ હજારની રકમ આપશે તેમ કહેતાં પોતે મુંબઇ સેન્ટ્રલ ખાતે સગીરને લઇને પહોંચી હતી અને અઝરૂના કહેવા મુજબ ફોન કરતાં નીઝામ નામનો શખ્સ તેને મુંબઇ ખાતે ડ્રગ્સનુ પડીકુ આપી ગયો હતો.

જે લઇને પોતે દુરન્તો ટ્રેન મારફત રાજકોટ આવી હતી અને અહિથી જામનગર તરફ જવાની હતી. જો કે તેને જંકશન સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જ પકડી લેવાઇ હતી. તપાસનું પગેરૂ હવે જામનગર-મુંબઇ તરફ આગળ વધશે. વધુ એક વખત માદક પદાર્થની હેરાફેરીમાં મુંબઇનું નામ ખુલ્યું છે. રેલ્વે એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર વી. એન. સીંગરખીયા, એલસીબી પીએસઆઇ જે. એમ. પરમાર, હેડકોન્સ. સિદ્ધરાજસિંહ જાડેજા, હિતેષભાઇ, પૃથ્વીરાજસિંહ, કોન્સ. ભાવનાબેન સહિતની ટીમે આ કામગીરી કરી હતી.

યાસ્મીનને જામનગરના અઝરૂએ મુંબઇ આવવા જવાની ટિકીટની સાથે એક ટ્રીપના રૂપિયા ૧૦ હજાર આપવાનું નક્કી કર્યુ હતું. તેમજ પોલીસને શંકા ન ઉપજે તેથી સગીરને સાથે લઇ જવા અઝરૂએ કહ્યું હતું. અઝરૂ ઝડપાયા બાદ તે બીજા કોને કોને આ રીતે મુંબઇ ડ્રગ્સ પેડલર તરીકે મોકલે છે? મુંબઇના નીઝામે અગાઉ કેટલી વખત આ રીતે પદાર્થ મોકલ્યો છે? બીજા કોણ કોણે તેની પાસેથી આ રીતે માલ મંગાવે છે? તે સહિતની વિગતો સામે આવશે.

## ઢેબર રોડ પર કાર અને રિક્ષાના ચાલકો વચ્ચે ઝપાઝપીઃ વિડીયો ઉતારવા ગયેલાને દાતરડાના ઘા

### વાણીયાવાડીનો રિક્ષચાલક લોહીલુહાણ થઇ જતાં થવું પડ્યું દાખલ

રાજકોટઃ શાંત શહેરમાં હવે ગમે ત્યારે ગમે તે લોકો અશાંતીનો માહોલ સર્જી જાહેરમાં જ બટાઝટી પર ઉતરી આવે છે. વધુ એક ડખ્ખામાં ઢેબર રોડ પર ગુજરાત ફર્નિચર નજીક કારચાલક અને રિક્ષાચાલક વચ્ચે વાહન અડી જવા મામલે માથાકુટ થયા બાદ તેમાં વચ્ચે છોડાવવા પડેલા તેમજ માથાકુટનો વિડીયો ઉતારવા ગયેલા વાણીયાવાડીના રિક્ષાચાલક પર દાતરડાથી હુમલો કરી લોહીલુહાણ કરી દેવાયો હતો.

ઘટનાની વિગતો જોઇએ તો વાણીયાવાડી-૧૭માં રહેતો ઇરફાનભાઇ ઇસ્માઇલભાઇ સુમરા નામનો ચાલીસ વર્ષનો યુવાન ઢેબર રોડ પર હતો ત્યારે ચક્કીબાપુ રિક્ષાવાળા અને અજાણ્યાએ તેને માર મારી દાતરડાથી ઇજા કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ભક્તિનગર પોલીસને જાણ કરાઇ હતી. ઇરફાનભાઇએ કહ્યું હતું કે એક કારચાલક અને રિક્ષાચાલક વચ્ચે વાહન અડી જવા મામલે માથાકુટ થતાં ઝપાઝપી ચાલુ થઇ હતી. પોતે રિક્ષા લઇ બસ સ્ટેશન તરફ જતો હોઇ ત્યારે કારવાળાને રિક્ષાવાળા મારકુટ કરતાં હોઇ છોડાવવા જતાં તેના પર રિક્ષાવાળાએ હુમલો કરી રોકડ-વીટી પણ પડાવી લીધા હતાં. જો કે ચર્ચાતી વિગત મુજબ ઇરફાન મારામારી ઝપાઝપીનો વિડીયો ઉતારી રહ્યો હોઇ તેના પર હુમલો થયો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

## બોલો લ્યો નિયમીત પગાર ન થતો હોઇ નોકરી મુકવાનું કહેતાં દંપતિ પર હુમલો

### ઇન્દિરા સર્કલ પાસે ગર્લ્સ હોસ્ટેલના રસોઇયાને સંચાલકોએ લાકડાના પાટીયાથી બેફામ ફટકાર્યા

રાજકોટઃ કેવા કેવા કારણોસર મારામારી થઇ જાય તે કહી શકાતું નથી. શહેરના યુનિવર્સિટી રોડ ઇન્દિરા સર્કલ નજીક વૃંદાવન ગર્લ્સ હોસ્ટેલ ખાતે પ્રકાશ ઓઘડરામ મારવાડી નામના બત્રીસ વર્ષના યુવાન અને તેના ત્રીસ વર્ષના પત્નિ રંજનબેન પ્રકાશ મારવાડીને હોસ્ટેલ ખાતે હતાં ત્યારે હોસ્ટેલના સંચાલક નિખીલભાઇ, ભુમિબેને લાકડાના પાટીયાથી માર મારતાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. લાકડાના પાટીયાના મારને કારણે પ્રકાશ લોહીલુહાણ થઇ ગયો હતો. તેના પત્નિને મુંઢ ઇજાઓ થઇ હતી.

હુમલામાં ઘાયલ થયેલા પ્રકાશ મારવાડીએ કહ્યું હતું કે પોતે અને પત્નિ ત્રણેક મહિનાથી હોસ્ટેલમાં રહી રસોઇ બનાવવાનું કામ કરે છે. સમયરસર પગાર અપાયો ન હોઇ અને એક મહિના પહેલા સંચાલકને હવે નોકરી મુકી દેવી છે તેમક કહ્યું હોઇ ખાર રાખી આજે હુમલો કરાયો હતો. પગારના ત્રેવીસ હજાર લેવાના હોવાનું પણ પ્રકાશે કહ્યું હતું. તેના આ આક્ષેપો અંગે પોલીસે તપાસ હાથ ધરી હુમલાખોરો સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## મહિલા કોલેજ અંડર બ્રીજમાંથી માંસ મળ્યુંઃ જીવદયા કાર્યકરે કહ્યું ગૌમાંસ હતું

### ઘટનાને પગલે ટ્રાફિક જામ થયોઃ પોલીસે કહ્યું-ભેંસનું હોય એવુ લાગ છે, છતાં એફએસએલ દ્વારા રિપોર્ટ આવ્યા પછી આગળ કાર્યવાહી કરીશું



રાજકોટઃ શહેરમાં અગાઉ અનેક વખત પોલીસે અને જીવદયા કાર્યકરોએ ગૌમાંસ પકડીને કાર્યવાહી કરી છે. દરમિયાન શહેરના મહિલા કોલેજ અન્ડર બ્રીજમાંથી બપોરે એક પશુના માંસ સાથેનું પોટલુ મળી આવતાં અન્ડર બ્રીજના બંને તરફના રસ્તા અને સર્કલ પાસે ટ્રાફિક જામ થઇ ગઇ ગયો હતો. જીવદયા કાર્યકરે આ અંગે જાણ કરતાં પોલીસ દોડી ગઇ હતી. જીવદયા કાર્યકરે આ માંસ ગૌમાંસ હોવાની શંકા દર્શાવતા પોલીસે એફએસએલ નિષ્ણાંત પાસે તેની તપાસ કરાવવા તજવીજ આદરી હતી.

વધુ માહિતી પર નજર કરીએ તો કાલાવડ રોડ મહિલા કોલેજ અન્ડર બ્રીજમાં બપોરે એક માંસનું પોટલુ પડ્યું હોઇ યુનિવર્સિટી રોડ પર રહેતાં જીવદયા કાર્યકર કેતનભાઇ સંઘવી ત્યાંથી પસાર થતાં તેણે તપાસ કરી પોલીસને જાણ કરી હતી. એ દરમિયાન અન્ડર બ્રીજ આસપાસ ભારે ટ્રાફિક જામ થઇ ગયો હતો. કાર્યકર કેતન સંઘવીના કહેવા મુજબ આ ગૌમાંસ હોવાની અમને પુરી શંકા હોઇ જેથી અમે પોલીસને જાણ કરતાં એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ સહિતની ટીમે આવી મજૂર બોલાવી માંસ કબ્જે કરવા તજવીજ કરી હતી. જો કે માંસ ખરેખર શેનું છે? તે જાણવા એફએસએલમાં ચકાસણી કરાવવા પોલીસે કાર્યવાહી કરી હતી. આ માંસનું પોટલુ કોઇ વાહનમાંથી પડી ગયાની શક્યતા છે. દરમિયાન ઇન્સ્પેક્ટર આર. જી. બારોટે જણાવ્યું હતું કે જીવદયા કાર્યકરે જાણ કરતાં અમે જાણવા જોગ નોંધ કરી કાર્યવાહી કરી હતી. હાલ પ્રાથમિક તબક્કે ભેંસનું માંસ હોવાનું જણાઇ આવે છે. આમ છતાં અમે એફએસએલમાં ચકાસણી કરાવવામાં આવી છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળ કાર્યવાહી થશે.

## ઓવરલોડ ભરેલા ૨ ડમ્પરો ડિટેઇન



રાજકોટ મિરર તા.૨૧

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ અધ્યક્ષ સ્થાને રાજકોટ શહેર રોયલ્ટી પી.આઇ. આઇ.એ. ઝાલા, માઇન્સ સુપરવાઇઝર રામદેવ નંદાણીયા, ટ્રાફિક શાખાના પી.આઈ. એમ. ડી. ગઢવી સહિતનો સ્ટાફ રાજકોટ શહેરમાં ઓવરલોડ ભરેલા વાહનોની અવાર નવાર અકસ્માતના બનાવ બનતા હોય છે જે બાબતે રાજકોટ શહેર ટ્રાફિક શાખા, ખાન ખનીજ વિભાગ સાથે સંયુક્ત ડ્રાઇવનું આયોજન કરી ઓવરલોડ તથા રોયલ્ટી વગરના બિન કાયદેસર રીતે રેતી ભરેલા ૨ ડમ્પરો ડિટેઇન કરી કાર્યવાહી કરી હતી. આ ડ્રાઈવના આયોજનમાં અંકિત ભટ્ટ મદદની નિયામક ખાણ ખનીજ તંત્રએ યોગદાન આપ્યું હતું.

આ કામગિરીમાં રોયલ્ટી પી. આઇ. આઇ. એ. ઝાલા, માઇન્સ સુપરવાઇઝર રામદેવ નંદાણીયા ટ્રાફિક શાખાના પી.આઈ. એમ. ડી. ગઢવી અને પોલીસ સ્ટાફનો માણસો દ્વારા કરવામાં આવી હતી.

SMCના દારુ દરોડાએ પી.આઈનો લીધો ભોગ

## જામકંડોરણાના પી.આઈ નકુમને લીવ રિઝર્વમાં મૂકી દેવાયા

### રાજકોટ રૂરલ LIBના એમ.જી.ચૌહાણને નકુમના સ્થાને મુકાયા

રાજકોટ, તા.૨૧

બે દિવસ પહેલા જામકંડોરણા તાલુકાના રાજપરા ગામની સીમમાં દરોડો પાડીને સ્ટેટ મોનિટરિંગ સેલે ૭૦૦૦ થી વધુ વિદેશી દારૂની બોટલ તેમજ બે ટ્રક સહિત કુલ રૂપિયા ૬૬ લાખ ૮૬ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરોડાના પગલે રાજકોટ જિલ્લા પોલીસ વડાએ આકરા તેવર બતાવીને જામકંડોરણાના પી.આઈ એલ.જી નકુમને લીવ રિઝર્વમાં મૂકી દીધા છે, જ્યારે તેમની જગ્યાએ રાજકોટ એલઆઈબીમાં ફરજ બજાવતા પી.આઈ એમજી ચૌહાણને જામકંડોરણા મુકાયા છે. માત્ર બે દિવસમાં જ રાજકોટ જિલ્લા પોલીસવડાના આકરા તેવરથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.




પ્રાપ્ત વિગતો મુજબ બે દિવસ પહેલા રાજકોટ જિલ્લાના. જામકંડોરણા તાલુકાના. રાજપરા ગામની સીમમાં એક ફાર્મહાઉસ પર દરોડો પાડીને સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વિદેશી દારૂની ૭૦૧૬ બોટલ તેમજ બે ટ્રક સહિત કુલ રૂપિયા ૬૬ લાખ ૮૬ હજાર રૂપિયાનો મુદ્દામાલ પકડી પાડ્યો હતો દારૂનો આ જથ્થો જામનગરના બુટલેગરે મંગાવ્યાનુ બહાર આવ્યું હતું.

બીજી બાજુ રાજકોટ જિલ્લા પોલીસ વડાએ દારૂના દરોડા પાછળ સ્થાનિક એટલે કે જામકંડોરણાના પીઆઈ એલ.જી.નકુમને જવાબદાર ગણીને તેમની લીવ રિઝર્વ ખાતે બદલી કરી નાખવામાં આવી છે. તેમની જગ્યાએ રાજકોટ રૂરલ એલઆઈબીમાં ફરજ બજાવતા પી.આઈ. એમ.જી ચૌહાણને જામકંડોરણા મૂકી દેવાયા છે.

રાજકોટ જીલ્લા પોલીસવડા આકરા તેવરથી પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે.

ફેક એપ્લીકેશનમાં શેર બજારમાં નાણા રોકાવી

## રૂ.૫૫ લાખનો ફ્રોડ કરનાર કાલસારી-ભલગામના બે હીરાઘસુ ઝડપાયા

### સાયબર ક્રાઈમ પોલીસે વિસાવદર પંથકના કાલસારીના જેનીશ ઉર્ફે રઘો ભાણકુભાઈ ગરણીયા અને ભલગામના દિનેશ ઉર્ફે સતીશ રમેશ રાદડિયાને દબોચ્યા



રાજકોટ મિરર, તા.૨૧

રાજકોટના એક નાગરીકને શેરબજારમાં નાણા રોકવાથી અઢળક ફાયદો થશે તેવી લાલચ આપીને, ફેક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, પોતાના બેંક ખાતામાં નાણા ટ્રાન્સફર કરાવનાર વિસાવદર પંથકના બે ગામડાઓના બે હીરાઘસુઓએ રૂ.૫૫ લાખથી વધુનો સાયબર ફ્રોડ કરતા બંનેની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરબ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નરકાઈમ અને સ્પેશીયલ બ્રાંચ ડો.પાર્થરાજસિંહ ગોહીલ ઈ.ચા.મદદનીશ પોલીસ કમીશ્નરસી.એમ.પટેલએ રાજકોટ શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના કીસ્સામા આરોપીઓને પકડી પાડવા આદેશો આપ્યા હતા. જે અન્વયે ફર્સ્ટ પીઆઈ જે.એમ કૈલા, પીઆઈ બી. બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પો.સ્ટે.ની ટીમ હરકતમાં આવી હતી. અને સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.ન.૧૧૨૦૮૦૫૭૨૫૦૦૨૭/૨૪ આઈ.પી.સી. કલમ ૪૦૬,૪૨૦ અને આઇટી એકટની કલમ ૬૬ (ડી) મુજબ નોંધાયેલા ગુન્હાના બંને આરોપીઓને બાતમીના આધારે પકડી લીધા છે. જેમાં દિનેશ ઉર્ફે સતીશ રમેશભ રાદડિયા ( ઉવ-૩૯ ધંધો- રત્નકલાકાર રહે- રામજી મંદીરની પાછળ, ગામ મોટા ભલગામ, તા. વિસાવદર, જી જુનાગઢ) અને જેનીશ ઉર્ફે રઘો ભાણકુભાઈ ગરણીયા, ઉવ-૨૮ ધંધો- રત્નકલાકાર રહે. ખોડીયાર નગર,ગામ કાલસારી, તા. વિસાવદર, જી. જુનાગઢ)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બંને ઠગને પકડવામાં સાયબર ક્રાઈમ પો.સ્ટે.ના પીઆઈ બી. બી. જાડેજા, હેડ કોન્સ. યજુવેંદ્રસિંહ ડી. જાડેજા, પો.કોન્સ. કિશોરસિંહ પી. ઝાલા તેમજ લોકરક્ષક કિશોરભાઈ કે. રંગાણી રોકાયા હતા.

## પ્રગટેશ્વૂર મહાદેવ મંદિરમાં ૪૦ હજારની મત્તા ચોરાઈ

### ગાંધીગ્રામ પોલીસે તસ્કરની શોધખોળ આદરી



રાજકોટ મિરર તા.૨૧

જામનગર રોડ પર આવેલ પ્રગટેશ્વૂર મહાદેવ મંદિરમાં મોડી રાત્રે તસ્કર દાન પેટીમાં પડેલી રૂ. ૪૦ હજાર ઉસેડી જતા ગાંધીગ્રામ પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર રોડ ગાયત્રી ધામ સોસાયટીમાં રહેતા દિનેશગીરી ઓધવગીરી ગૌસ્વામીએ ફરિયાદ નોંધાવતા તેઓ એક વર્ષથી પ્રગટેશ્વૂર મહાદેવ મંદિરમાં સેવા પૂજા કરે છે. મંદિરમાં રૂમની બહારના ભાગે મંદિરના ખુલ્લા પરિસરમાં દાનપેટી રાખી છે અને પેટીમાં લોક મારીએ છીએ અને આ દાનપેટીની ચાવી દિનેશભાઈ રમણીકભાઈ ચાવડા પાસે હોય છે.

ગત તા.૧૮ ના રોજ રાત્રે નવ વાગ્યા આસપાસ પ્રગટેશ્વૂર મહાદેવ મંદિરમાં પૂજાપાઠ અને ધૂપ દીવા કરી મંદિરની અંદર રહેલી મૂર્તિ વાળા રૂમને બહારથી તાળું મારી જતા રહ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે તા.૧૯ના રોજ સવારે સાળા પાચ વાગ્યા આસપાસ મંદિરમાં ધૂપ દિવા કરવા આવેલા ત્યારે જોયું તો મંદિરના ખુલ્લા પરિષદમાં રહેલ દાનપેટી જોવા મળી ન હતી. આજુબાજુમાં તપાસ કરતા આ બાબતે પૂછતા કંઈ જાણવા મળ્યું ન હતું. દાનપેટીમાં આશરે રૂ. ૪૦,૦૦૦ જેટલી રકમ હતી. તે કોઈ અજાણ્યો તસ્કર ચોરીને લઈ જતા આ બાબતે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરની શોધખોળ આદરી છે.

## મહિલા પોલીસ માટે યોજાયો મેડીકલ કેમ્પ

### સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પિટલમાં યોજાયેલ કેમ્પનો લાભ લેતા ૧૮૦ મહિલા



રાજકોટ મિરર તા.૨૧

શહેરમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મચારીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું. આજે પણ મહિલાઓ વગર સમાજની કલ્પના પણ કરી શકાતી નથી. સમાજમાં મહિલાઓનું યોગદાન હોય કે પછી આર્થિક ક્ષેત્રે તેમની પ્રગતિ હોય, તેઓ દરેક ક્ષેત્રમાં પુરુષો સાથે ખભેખભા મિલાવીને આગળ વધી રહી છે. જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂજા યાદવના આદેશો મુજબ રાજકોટ શહેર પોલીસ હેડકવાર્ટર તાલીમ ભવનમાં રાજકોટ શહેર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા તમામ મહિલા અધિકારી,કર્મચારીઓ માટે પોતાના સ્વાસ્થય માટે સજાગ બને તે માટે વિશેષ મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પિટલના નામાંકિત ડો. માધુરી ઢોલરીયા ગાયનેકોલોજિસ્ટ અને ડો.જાફીયા ડેવીડનાઓએ સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર તથા મહિલાઓને લગતા પ્રશ્નો સંબંધે માહિતી આપી હતી અને તેના માટે વિશેષ મેડીકલ કેમ્પનુ આયોજન સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પિટલ માં કરવામા આવ્યું હતુ જેમાં કુલ-૧૮૦ જેટલા મહિલા અધિકારી,કર્મચારીઓએ મેડીકલ કેમ્પમાં ભાગ લીધેલ હતો.

રાજકોટ શહેર પોલીસની સ્પેશિયલ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર જી. આર. ચૌહાણને મળી સફળ બાતમી

# અપહૃત બાળાને ચાલીસ હજારમાં ખરીદનાર લલનાને ઝડપી લેવાઇ

## બાંગ્લાદેશથી તેર વર્ષની બાળાને ઉઠાવી અપહરણકારોએ ભારત બોર્ડરમાં વેંચી દીધી હતીઃ અમદાવાદમાં રહેતી મુળ કોલકત્તાની મહિલાને અપહૃત બાળા સાથે રાજકોટ પોલીસે પકડી અમદાવાદ પોલીસને સોંપી



રાજકોટઃ દેશભરમાં ઘણીવાર માનવ તસ્કરી કે બાળાઓ, યુવતિઓને લોહીના વેપલામાં ધકેલી દેવાના ઇરાદે વેંચી નાખવાના કારસ્તાનો ખુલા પડતાં હોય છે.

દરમિયાન રાજકોટ પોલીસની જબરદસ્ત કામગીરીને કારણે બાંગ્લાદેશમાંથી અપહરણ કરી ભારતમાં વેંચી દેવાયેલી હાલ સાડા ચૌદ વર્ષની ઉમરની બાળાને અમદાવાદ રહેતી મુળ કોલકત્તાની મહિલાની ચુંગાલમાંથી મુક્ત કરાવાઇ છે. આ મહિલાએ બાળાને અપહરણકારો પાસેથી ચાલીસ હજારમાં ખરીદી હતી.

રાજકોટ સ્પેશિયલ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર કે જે અગાઉ અમદાવાદ ફરજ બજાવતાં તેમને મળેલી ચોક્કસ બાતમી પરથી આ અપહૃત બાળા મુક્ત થઇ હતી.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો એકાદ વર્ષ પહેલા બાંગ્લાદેશમાંથી તેર વર્ષની એક બાળા ઘર પાસે રમતી હતી ત્યારે તેનું અપહરણ કરી લેવાયુ હતું. આ બાળાને બોર્ડર ક્રોસ કરી ભારતમાં વેંચી દેવાઇ હતી. આ અપહૃત બાળા અને તેને ચાલીસેક હજાર રૂપિયામાં અપહરણકારો પાસેથી ખરીદનાર હાલ અમદાવાદ રહેતી અને દેહવ્યાપાર સાથે સંકળાયેલી કોલકત્તાની મહિલાને રાજકોટ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે દબોચી લઇ બાળાને મુક્ત કરાવી અમદાવાદ પોલીસને સોંપી છે.

બાળાને દેહવ્યાપારમાં ધકેલવા માટે આ મહિલાએ ખરીદી હોવાની શંકાએ અમદાવાદ પોલીસ તપાસ આ મહિલાની વિશેષ પુછપરછ કરી રહી છે. વધુ વિગતો જોઇએ તો બાંગલાદેશમાંથી એક વર્ષ પહેલા તેર વર્ષની એક સગીરાનું અપહરણ થયું હતું અને તે અંગે ત્યાં ગુનો નોંધાયો હતો. બાળા ઘર નજીક રમતી હતી ત્યાંથી તેને ઉઠાવી જવામાં આવી હતી.

પોલીસ અને બાંગ્લાદેશની એનજીઓ દ્વારા તપાસ થતાં બાળાને બોર્ડર ક્રોસ કરી અપહરણકારોએ ભારતમાં વેંચી દીધાની માહિતી મળતાં ત્યાંના એનજીઓએ દિલ્હીના ફ્રીડમ ફર્મ નામના એનજીઓને જાણ કરતાં આ એનજીઓ દ્વારા મુંબઇ, અમદાવાદ, દિલ્હી પોલીસને અરજી કરવામાં આવી હતી. આ અરજીની તપાસ હાલ રાજકોટ સ્પેશિયલ શાખામાં મુકાયેલા પીઆઇ આર. જી. ચૌહાણે જે તે વખતે પોતે અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં હોઇ ત્યારે તપાસ કરી હતી.

ત્યારે આ બાળા અમદાવાદમાં હોવાની માહિતી મળી હતી. પણ ગંધ આવી જતાં બાળાને ખરીદનાર મહિલા તેણીને લઇ કોલકત્તા ભાગી ગઇ હતી. અમદાવાદ પોલીસ અરજીને આધારે તપાસ કરી રહી હતી. દરમિયાન રાજકોટ સ્પેશિયલના પીઆઇ આર. જી. ચૌહાણને ફરીથી બાતમી મળી હતી કે અપહૃત બાળાને લઇને તેને ખરીદનારી મહિલા સુલોતાસિંગ ઉર્ફ બુલી ફરીથી અમદાવાદ આવી છે.

આ કારણે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલને જાણ કરતાં તેમની સુચનાથી પીઆઇ ચૌહાણ અને ટીમ અમદાવાદ પહોંચી હતી અને સુલોતાસિંગ ઉર્ફ બુલીને તેના ઘરેથી પકડી લીધી હતી. તેની સાથે બાંગ્લાદેશની અપહૃત બાળા કે જે હાલ સાડા ચૌદ વર્ષની થઇ ગઇ છે તે પણ મળી આવતાં બંનેને અમદાવાદ એએચટીયુને સોંપવાની કાર્યવાહી કરી હતી.

રાજકોટ શહેર પોલીસ સ્પેશીયલ શાખાના પોલીસ ઇન્સ્પેકટર જી.આર. ચૌહાણ સાથે આ કામગીરીમાં એએચટીયુના હેડકોન્સ. મહમદઆરીફ અંસારી, કોન્સ. ભુમિકાબેન ઠાકર, પેરોલ ફરલો સ્ક્વોડના શાંતુબેન મુળીયા જોડાયા હતાં. ભારત દેશ અને ગુજરાતમાં સગીર બાળાઓ, યુવતિઓની લે-વેંચ, માનવ તસ્કરીના ગુનાઓ શોધી કાઢવા સુચના અપાઇ હોઇ તે અંતર્ગત આ કામગીરી થઇ હતી. અમદાવાદ પોલીસની ટીમ ઝડપાયેલી સુલોતાસિંહની પુછપરછમાં વધુ કેટલીક ચોંકાવનારી વિગતો ખુલવાની શક્યતા છે. અમદાવાદ પોલીસ તેની તપાસ કરી રહી છે. અગાઉ પણ તેણીએ આ રીતે બાળાઓને ગેરકાયદે ખરીદીને લોહીના વેપલામાં ધકેલ્યાની શંકાએ તપાસ હાથ ધરવામાં આવી છે.

વકીલ પરના હુમલાખોર સામે કુણું વલણ દાખવી...

# ફરિયાદ લેવામાં અખાડા કરનાર કાલાવડના PIને હાઈકોર્ટનું તેડું

## ભોગ બનનાર વકીલ અર્જુન ઠેસીયાએ હાઈકોર્ટમાં પીટીશન કરતા કોર્ટમાં હાજર રહેવા હુકમ

રાજકોટ મિરર, તા.૨૧

કાલાવડની મામલતદાર કચેરીના ક્લાર્ક સામે ગુન્હો નોંધવામાં અખાડા કરનાર કાલાવડ પોલીસના પીઆઈને હાઈકોર્ટમાં હાજર થવા હુકમ થયો છે.

મળતી વિગતો મુજબ જામનગર જીલ્લાના કાલાવડના બાર એશોસીએશનના સભ્ય અર્જુન દામજીભાઈ ઠેસીયા એક રેવન્યુ કામ સબબ કાલાવડ મામલતદાર કચેરીએ અનેક ધકાઓ ખાધા હતા. છતા કામ ન કરનાર કલાર્ક જયદિપ શંભુ ગઢવી પાસે કામની ઉઘરાણી કરતા તે એકાએક ઉશ્કેરાઈ જઈ સરકારી કર્મચારીને ન શોભે તેવુ વર્તન કરી વકીલને ગાળો આપી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ભોગ બનનાર વકીલ કાલાવડ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ છતા ફરીયાદ ન લેતા કાલાવડ બાર એશોસીએશન ધ્વારા ઠરાવ કરી સબંધીત પોલીસને રજુઆત કરવા છતા વકીલ મંડળને બે દિવસ પોલીસ સ્ટેશને બેસાડી રાખી ધકાઓ ખવડાવનાર કાલાવડ પોલીસ તથા એસ.પી. જામનગરને જોડી હાઈકોર્ટમાં ભોગ બનનાર એડવોકેટ અર્જુન ઠેસીયાએ કરેલ પીટીશન અન્વયે કાલાવડ પોલીસને હાઈકોર્ટ



એડવોકેટ સુરેશ ફળદુ

સમક્ષ હાજર થવા આદેશ થતા કાલાવડ પોલીસમાં ચકચાર જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જામનગર જીલ્લના કાલાવડ તાલુકાના કાલાવડ બાર એશોસીએશનમાંસીનીયર એડવોકેટ અને પબ્લીક નોટરી દામજીભાઈ ઠેસીયાના પુત્ર અર્જુન ઠેસીયા પણ વકીલાતના વ્યવસાય સાથે કાર્યરત છે અને તેઓ કાલાવડ બાર એશોસીએશનના સભ્ય છે. એડવોકેટ અર્જુન ઠેસિયા દ્વારા તેમના અસીલ વતી કાલાવડ મામલતદાર કચેરીમાં કરેલી અરજી- અહેવાલને લાંબો સમય વીતી જવા છતા નકલ મળી ન હતી. બીજીબાજુ મામલતદાર કચેરીના ક્લાર્ક જયદિપ શંભુ ગઢવી લાંબા સમયથી માત્ર ધક્કા ખવડાવતો હતો.

કલાર્કની ફરજમાં આવી બેદરકારી સબબ અર્જુનભાઈએ કાલાવડના મામલતદારને રજુઆત કરી હતી. તેનો ખાર રાખી જયદિપ ગઢવીએ ઉશ્કેરાઈને અર્જુન ઠેસીયાને બેફામ ગાળો આપી હુમલો કરી, ઝાપટો મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાજવાને બદલે ગાજેલા જયદીપ સામે ફરિયાદ નોંધાવવા એડવોકેટ તા.૨૧/૧૧/૨૦૨૪ના રોજ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.આઈ.ને મળી રજુઆત કરી હતી.

છતા ફરિયાદ ના નોંધીને બીજે દિવસે બપોરે આવવા જણાવ્યું હતું. પોલીસની આવી શંકાસ્પદ કામગીરીને કાલાવડ બાર એશોસીયેશન ધ્વારા વખોડી કાઢી ઠરાવ કરી બાર એશોસીએશનના આગેવાનો પોલીસ સ્ટેશને રજુઆત કરવા ગયા હતા. છતાં ગુન્હો આચરનાર ક્લાર્ક જયદિપ શંભુ ગઢવીને પકડવા કે તેમની સામે ફરિયાદ નોંધવાને બદલે પોલીસે તેમને છાવરી, ગુન્હો ન નોંધી ફરિયાદી અને બાર એસોસિયેશનના આગેવાનોને રીતસરના પોલીસે હેરાન પરેશાન કર્યા હતા.

તાત્કાલીક ફરીયાદ લઈ ગુન્હો નોંધવા સબંધે સપ્રિમ કોર્ટના ચુકાદાની અવહેલના કરી વકીલ મંડળને દિવસો સુધી ધકાઓ ખવડાવી ગન્હો દાખલ ન કરનાર કાલાવડ પોલીસ અને જામનગરના એસ.પી.સહીતનાને સામાવાળા તરીકે જોડી અર્જુન ઠેસીયાએ ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ ડીપાર્ટમેનટ વિરૃધ્ધ રીટ પીટીશન ફાઈલ કરાવી હતી.

હાઈકોર્ટ સમક્ષ ઉપરોકત વિગતે કરેલ રીટ પીટીશન ચાલવા પર આવતા કરવામાં આવેલી રજુઆતો, રેકર્ડ પરની હકીકતો લક્ષે લઈ હાઈકોર્ટ ધ્વારા તા.૧૯/૦૩/૨૦૨૫ નારોજ કાલાવડ પોલીસ વિરૂધ્ધ આગામી તા.૨૮/૦૪/૨૦૨૫ ના કાલાવડના પીઆઈને હાજર રહેવા નોટીસ ઈસ્યુ કરી છે. ઉપરોકત કામમાં અરજદાર એડવોકેટ અર્જુન ઠેસીયા વતી હાઈકોર્ટના એડવોકેટ પ્રતિક જસાણી, રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તેમજ મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયા હતા.

# વિદેશી-દેશી દારૂની બદી ફેલાવતા ૪૮ ઝડપાયા

## દારૂની પ્રવુત્તિ સાથે સંકળાયેલા બુટલેગરોમાં ફફડાટ



રાજકોટ મિરર તા.૨૧

રાજકોટ શહેરમાં ઇંગ્લીશ દારૂ તથા દેશી દારૂ ની અસમાજીક પ્રવૃતિ કરતા શખ્શોને ઝડપી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ શહેર પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગર તરફ થી ગુજરાત રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, લોકોમાં સુરક્ષા અને સલામતી અનુભવાય, અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશો કરાયા હતા.

જે અંતર્ગત રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા નાઓએ રાજકોટ શહેર વિસ્તારમાં રહેતા અને અસામાજીક પ્રવૃતિ આચરતા શખ્શો સામે કાયદેસર કાર્યવાહી કરવાના આદેશો કરેલ જે સુચના હેઠળ પી.સી.બી.પી.આઇ. એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી. નો સ્ટાફ દ્વારા અગાઉ વિદેશી દારૂ અને દેશી દારૂની અસમાજીક પ્રવૃતિ આચરતા પકડાયેલ શખ્શોની યાદી તૈયાર કરી આવા શખ્શોની ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા અને તેના પર અસરકારક અટકાયતી પગલા લેવા જરૂરી હતા જેથી એકજ દિવસમાં આવા કુલ ૪૮ શખ્શો વિરૂધ્ધ અટકાયતી પગલા લઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

આ કામગીરીમાં પી.સી.બી. પી.આઇ એમ.આર. ગોંડલીયા,પી.એસ.આઇ એમ. જે.હુણ, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ પો.હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, ફુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકીનાઓ દ્વારા કરવામાં આવી હતી.

# ગુન્હેગારોના ગેરકાયદે વીજજોડાણ-વીજચોરી પર પોલીસ ત્રાટકી



PGVCLને રાખી કાર્યવાહી કરતી ભક્તિનગર પોલીસ

રાજકોટ મિરર તા.૨૧

શહેરના ભક્તિનગર પોલીસે વારંવાર ગુન્હાઓ કરતા, ગેરકાયદે વીજ જોડાણ અને વીજચોરી કરતા શખ્શો સામે પી.જી.વી.સી.એલ ની ટીમને સાથે રાખી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાત રાજય હે. પોલીસ મહાનિર્દેશક નાઓની આદેશ મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા,અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા,નાયબ પોલીસ કમિશ્નર સજનસિંહ પરમાર, મદદનીશ પોલીસ કમિશ્નર પુર્વ વિભાગ બી.વી.જાધવનાઓએ સ્થાનીક પોલીસ તથા વહીવટી તંત્રના માધ્યમથી વારંવાર ગુન્હા કરતા શખ્શો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના માર્ગદર્શન આપ્યું હતું.

જે અનુસંધાને અવારનવાર ગુન્હા આચરતા ઇસમોના ઘરે વીજકનેકશન બાબતે તપાસ કરાવવા પી.જી.વી. સી.એલની ટીમને જાણ કરી પોલીસ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પી.એસ.આઇ.જે.જે.ગોહિલ અને હુડકો પોલીસ ચોકીના પી.એસ.આઇ વી.એલ.રાઠોડ તથા એ.એસ.આઇ. ધર્મેશભાઇ બાલસરા નાઓની એમ ત્રણ ટીમ બનાવી ભકિતનગર પો.સ્ટે ના ૧૭પોલીસ કર્મચારીઓ તથા પી.જી.વી.સી.એલ સોરઠીયાવાડી સબ ડીવીજનના નાયબ ઇજનેર ડી.એસ.શીયાણીયા તથા કોઠારીયા સબ ડીવીજનના નાયબ ઇજનેર એસ.એમ પટેલ નાઓની ટીમની સાથે આજરોજ તા.૨૧/૦૩/૨૦૨૫ ના ભકિતનગર પો.સ્ટે વિસ્તારમાં જંગલેશ્વર વિસ્તાર, હુડકો વિસ્તાર, બાબરીયા કોલોની વિસ્તાર, આનંદનગર વિસ્તાર તથા ઢેબર કોલોની નારાયણનગર વિસ્તારમાં અવારનવાર ગુન્હા આચરતા ૧૮ શખ્શોના મકાનના વીજકનેકશન ચેક કરાવતા જેમાં ઘદ્દ જગ્યાએથી વીજજોડાણમાં ગેરરીતી કરતા હોવાની સામે આવી હતી.

અને ૦૩ જગ્યાએથી વીજચોરીની જાણ થતા આ તમામ શખ્શો સામે પી.જી.વી.સી.એલ ની ટીમએ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મૃતક પોલીસ કર્મચારીના વારસદારોને ન્યાય આપતી કોર્ટ

## ગાંધીનગરના પોલીસ મહાનિર્દેશક સામે લેણી રકમનું જપ્તી વોરંટ કાઢયું



રાજકોટ મિરર, તા.૨૧

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક નીચે પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ મનસુખભાઈ જોષીને સને-૧૯૮૮ માં તે વખતના પુર્વ પોલીસ અધિક્ષક એ નોકરીમાંથી છુટા કર્યા હતા. જે નોકરીમાંથી છુટા કરવાનો હકમ ગેરકાયદેસર હોય અને અધિકારીએ પોતાનો સત્તાનો દુરૂપયોગ કરેલ હોય અને ગૂજરાત પોલીસ મેન્યુઅલની જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોય આ કર્મચારીએ રાજકોટની દિવાની અદાલતમાં સને-૧૯૮૮ માં દાવો દાખલ કરી નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરબંધારણીય છે અને તેઓને ફરજ ઉપર લેવાની ન્યાયીક કાર્યવાહી કરેલી. જે પોલીસ કર્મચારીનો દાવોસને-૧૯૯૧ માં મંજુર થી હતી જે હુકમ સામે સામે પોલીસ ખાતા ધ્વારા અપીલ કરવામાં આવેલી જે સરકારની અપીલ સને-૨૦૧૭માં નામંજુર કરાઈ હતી.

જેથી સરકારએ હાઈકોર્ટમાં કાર્યવાહી કરી હતી. જે કાર્યવાહી નામંજુર કરવામાં આવેલ. જેથી પોલીસ ખાતા ધ્વારા સુપ્રીમ કોર્ટમાં કાર્યવાહી કરી હતી. જે કાર્યવાહી સને-૨૦૨૧માં કાઢી નાંખવામાં આવેલ. પોલીસ કર્મચારીનું સુપ્રીમ કોર્ટમાં અપીલનો નિર્ણય થાય તે પહેલા અવસાન થતા તેના વિધવા પત્ની ભાવનાબેન વિનોદભાઈ જોષીને અને તેના પુત્ર હરેશ વિનોદભાઈ જોષીને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા હતા.

આ રીતે ચારેય અદાલતોના હુકમો કર્મચારીની તરફેણમાં હોવા છતા પોલીસ ખાતા ધ્વારા કોર્ટના હુકમનું પાલન કરવામાં આવ્યું ન હતું. પોલીસ કર્મચારીએ તેની હૈયાતીમાં તેની તરફેણમાં કોર્ટ ધ્વારા હુકમનામું થયેલં તેની અમલવારી કરવા માટે સને-૨૦૧૭ માં દિવાની દરખાસ્ત કરી હતી અને તેઓને ફરજ ઉપર લેવા અને લેણી રકમ ચકવવાની કાર્યવાહી કરી હતી. જે કામમાં પણ પોલીસ ખાતા ધ્વારા આશરે આઠેક વર્ષથી વિલંબભરી નીતિ અપનાવી મુદ્દતો લઈને કાર્યવાહી લંબાવી હતી અને આ રીતે હુકમનામાના લાભથી વારસદારોને વંચિત રાખવામાં આવ્યા હતા.

આ કામમાં ચારેય અદાલતોના હુકમની અલમવારી કરવા અને લેણી નીકળતી જંગમ રકમનું જપ્તી વોરંટ કાઢી આપવા માટેની માંગણી કરાઈ હતી. આ કામમાં પોલીસ ખાતા ધ્વારા અવારનવાર મુદ્દાતો માંગી લેણી રકમ ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે તેમ કહી સમય પસાર કરતા હતા. છેવટે મૃતકના વારસદારોની અરજીના અનુસંધાને પોલીસ ખાતા સામે લેણી રકમનું જપ્તી વોરંટ કાઢી આપવાનો રાજકોટના છઠ્ઠા એડી. ચીફ જયુડી. મેજી. જયોત્સનાબેન વિનુભાઈ પરમારએ હુકમ કરાયો છે. પોલીસ કર્મચારી વતી રાજકોટના એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંદૂકાંત એમ. દક્ષીણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગૂરૂંગ, નિશાંત જોષી તથા મદદમાં વિક્રમ નાડાર રોકાયા હતા.

# આજથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતી દ્વારા ત્રીદિવસીય કાર્યક્રમ

## 'કલાપણમ'માં ૩૨ શાળાઓના ૨૧૫૦ છાત્રો વિવિધ કૃતિઓ રજૂ કરશે

રાજકોટ મિરર, તા.૨૧

આજે તા.૨૨થી મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે નગર પાલિકા શિક્ષણ સમિતી દ્વારા કલાર્પણ ત્રીદિવસીય કાર્યક્રમ શરૂ થશે. જેમાં ત્રણેય ઝોનની કુલ ૭૨ શાળાઓના ૨,૧૫૦ વિઘાર્થીઓ વિવિધ ૨૬ કૃતિઓ રજુ કરશે.

સમિતીના ચેરમેન વિક્રમ પુજારા દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ બાળકમાં રહેલા સુષુપ્ત શકિતઓ બહાર આવે તે હેતુસર કલાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

જેમાં બાળકોને કોરિયોગ્રાફર પાસે તાલીમ મેળવી તેઓને રોજ દેશભક્તિ, ધાર્મિક, એતિહાસિક પ્રસંગો, વીર શહિદોના પાત્રો, જુદા-જુદા રાજ્યોની પરંપરા, માતાજીના ગરબા, કાર્ટુન થીમ

જેવી વિવિધ ૨૪ કુતિઓ રજુ કરશે. જેથી ત્રણ દિવસના કાર્યક્રમમાં કુલ ૭૬ કૃતિઓ રજુ કરવામાં આવશે. આજે પ્રથમ દિવસે શનિવારે ઇસ્ટ ઝોનના ૬૮૭ વિદ્યાર્થીઓ અને ૧૬ શિક્ષકો, તા.૨૩મીના બીજા દિવસે રવિવારે સેન્ટર ઝોનના ૭૩૬ બાળકો અને તા.૨૪મીના સોમવારે વેસ્ટ ઝોનના ૭૧૦ બાળકો અને ૧૬ શિક્ષકો પોતાની કૃતિઓ રજુ કરશે. તેના માટે પહેરવેશ પણ સમિતી દ્વારા આપવામાં આવનાર હોવાનું આયોજક સંસ્થા દ્વારા જાહેર કરાયું છે.

### ચોરટા નિરાંત નથી લેવા દેતાં: ક્રાઇમ બ્રાંચે ત્રણ ચોરીઓના ભેદ ઉકેલ્યા ત્યાં વધુ એક પડકાર

# સમ્રાટ ઇન્ડસ્ટ્રીમાં 'દો ચોર'નો તરખાટ: ડઝન દૂકાન-કારખાનામાં ત્રાટક્યા

## બંને સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયા: બીજી તરફ શાળામાં હુડી પહેરીને ઘુસેલો ચોર નિરાંતે બાળકોની ફીની રકમ ચોરી ગયો: બંને ભેદ ઉકેલવા ટીમો કામે લાગી

રાજકોટ: રંગીલા શહેર રાજકોટમાં ચોરટાઓને ઘડીકેય શાંતિ લેવી નથી. પોલીસ એક બે ચોરીઓના ભેદ ઉકેલી માંડ રાહતનો દમ લે ત્યાં નવા કારનામા સાથે ચોરટાઓ પોતાની કામગીરીનો ગ્રાફ ઉંચી લઇ જતાં હોય છે. હજુ તો ક્રાઇમ બ્રાંચે તાજેતરમાં થયેલી પચ્ચીસ લાખની બે અને માલિયાસણની એક મળી ત્રણ ચોરીઓના ભેદ ઉકેલી તસ્કરોને પકડ્યા ત્યાં માલવીયાનગર પોલીસ સ્ટેશન હેઠળના સમ્રાટ ઇન્ડસ્ટ્રીયઝ એરીયામાં બે ચોરે ત્રાટકી એક સાથે દસેક દુકાનો, કારખાનાઓમાં ઘુસી હાથફેરો કરતાં વેપારીઓ, કારખાનેદારોમાં દેકારો મચી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં તસ્કરોએ પોતાનો પરચો દેખાડવાની કામગીરી સતત વેગમાં રાખી મુકી છે. ક્રાઇમ બ્રાંચે દિવાનપરા અને જવાહર રોડ પર થયેલી લાખોની ચોરીની બે ઘટના તેમજ માલિયાસણમાં પાર્ટી પ્લોટમાં થયેલી ચોરીના ભેદ ઉકેલ્યા છે ત્યાં હવે ગોકુલધામ પાસે સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં બે ચોર ત્રાટકી દૂકાનો, કારખાનાઓમાંથી હાથફેરો કરી જતાં પોલીસ સીસીટીવી ફુટેજને આધારે તપાસ આરંભી છે. સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રાતે બે ચોર ત્રાટક્યા હતાં. આ બંને પાન-મસાલા સહિતની દૂકાનો અને કારખાનાઓમાં ઘુસી ગયા હતાં. કારખાનામાં પતરા તોડીને અંદર પડ્યા હતાં અને દૂકાનોના શટર કોશ જેવા હથીયારથી ઉંચકાવીને પરચુરણ ચીજવસ્તુ, રોકડની ઉઠાંતરી કરી ગયા હતાં. યુવાન વયના એવા આ બંને તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.




આ બૈમાંથી એક તસ્કરે લાલ રંગનો શર્ટ અને બીજાએ સફેદ રંગનો શર્ટ પહેરેલો હોવાનું વેપારીઓ, કારખાનેદારોએ જણાવ્યું હતું. આ બધા સ્થળે ત્રાટકેલા ચોરોને મત્તા ઓછી મળી છે પણ પોલીસને વધુ એક પડકાર મળી ગયો છે. લાગલગાટ એક સાથે દસ બાર જેટલી દુકાનો, કારખાનાઓમાં ચોરી, ચોરીનો પ્રયાસ થયો હોઇ વેપારીઓ, કારખાનેદારોમાં દેકારો મચી ગયો હતો.



અજંતા મોટર્સ, જલારામ પાન, ઠાકર ભેળ, બહુચર પાન સહિતના સ્થળોએ તસ્કરોએ પગલા પાડ્યા હતાં. સીસીટીવીના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. આ બંને ચોરટાઓ સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયા હોઇ પગેરૂ શોધવા પોલીસ મથામણ કરી રહી છે.

બીજી ચોરીની ઘટનામાં પણ એક ચોર ક્યાંય નહિ તો શિક્ષણના ધામમાં ત્રાટક્યો હતો અને પ્રિન્સીપાલની ઓફિસમાંથી બાળકોની આવેલી ફીની રકમ ચોરી ગયો હતો. આ તસ્કર પણ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. તે મરૂન રંગની હુડી પહેરીને આવ્યો હતો અને એક કલાક સુધી મથામણ કરી રોકડ ચોરી જવામાં સફળ થયો હતો.

વિગતો જોઇએ તો શહેરના એકસો પચાસ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાછળ આવેલી ક્રિષ્ના સ્કૂલમાં વીસમી રાતે ત્રણ વાગ્યે એક લાલ રંગનું હુડી પહેરેલો ચોર ત્રાટક્યો હતો અને પ્રાયમરી સ્કૂલના પ્રિન્સીપાલ પ્રવિણાબેન પટેલની ઓફિસના ટેબલના લોકવાળા ડ્રોઅરમાંથી બાળકોની ફીના રૂા. ૩૯૧૦૦ રોકડા ચોરી જતાં આ તસ્કર સીસીટીવીમાં કેદ થયો હોઇ તેના આધારે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે શાળાના પ્રિન્સીપાલ દર્શનભાઇ ખીમશંકરભાઇ દવે કે જેઓ રવિ પાર્ક-૧ પ્રેમ મદિર પાછળ રહે છે તેમણે ફરિયાદ નોંધાવી હત. તસ્કરે રોકડની ચોરી કર્યા બાદ કેમેરો તોડવાનો પ્રયાસ પણ કર્યો હતો. રાત્રે ત્રણેક વાગ્યે તે અંદર ઘુસ્યો હતો અને ચારેક વાગ્યે બહાર નીકળી ગયો હતો. તસ્વીરમાં હુડી પહેરીને આવેલો ચોર સીસીટીવીમાં કેદ થયો હતો તે જોઇ શકાય છે. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં એએસઆઇ જી. કે. પરમારે ગુનો દાખલ કરતાં ભેદ ઉકેલવા ડી. સ્ટાફ, એલસીબીની ટીમો કામે લાગ્યા હતાં. આમ વધુ બે ચોરીની ઘટનાએ પોલીસને કામે લગાડી હતી.

# ફાયર NOC માટે ૬૧ બિલ્ડિંગોને નોટિસ

## ટાઉન પ્લાનિંગ વિભાગે ૫૯ બિલ્ડિંગોને પ્લાન રજૂ કરવા કર્યો આદેશ

રાજકોટ, તા. ૨૧.

રાજકોટમાં આગની દુર્ઘટના બાદ મહાનગરપાલિકા સફાળે જાગી ગયું છે ત્યારે શહેરના તમામ વોર્ડમાં રહેણાંક અને કોમર્શિયલ મિલકતો પર તપાસ કરવામાં આવી રહી છે કે જે તે મિલકત પાસે ફાયર એનો સી છે કે કેમ એટલું જ નહીં અગ્નિશામક સાધનો છે કે કેમ ત્યારે હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ ગઈકાલે જે ફાયર એનઓસી બાબતે ૭૫ બિલ્ડિંગમાં તપાસ કરવામાં આવી અને તેમાંથી ૬૦ થી વધુ બિલ્ડીંગમાં અપૂરતી વ્યવસ્થા સામે આવતા નોટિસ ફટકારવામાં આવી છે. અને તેમની પાસે ટાઉન પ્લાનિંગ વિભાગે પણ પ્લાન અંગેની નોટિસ ફટકારી છે. જેમાં રેસીડેન્સીયલ બિલ્ડીગ, રેસીડેન્સીયલ સાથે કોમર્સીયલ બિલ્ડીગ હોય તેવી જગ્યા સામેલ છે. આ પૈકી અપૂરતી ફાયર વ્યવસ્થા તથા ફાયર વ્યવસ્થા વગર કાર્યરત ૬૧ બિલ્ડીગોને નોટીસ આપવામાં આવેલ છે અને તપાસમા માત્ર ૨૪ બિલ્ડીગોનું ફાયર એનઓસી રનીગ જોવા મળેલ હતા.

તો ૮ બિલ્ડિંગો ફાયર એનઓસી રનીંગ હોવા છતા સ્થળ તપાસમાં ખામી જણાતા ફાયર નોટીસ આપવામાં આવી છે. આમ એનઓસી હોય તો પણ સાધનોમાં ખામી સહિતની બેદરકારી સતત મળી આવી રહી છે.ટીપી શાખા દ્વારા વોર્ડ વિસ્તારમાં એસઓપી અન્વયે બી.યુ. તથા બિલ્ડીંગ પ્લાનની ચકાસણી ચાલુ છે. ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે કુલ ૫૯ એકમોની ચકાસણી કરવામાં આવેલ અને આ તમામ ૫૯ એકમોને એસઓપી અન્વયે બી.યુ. તથા બિલ્ડીંગ પ્લાન રજૂ કરવા અંગે નોટિસ આપવામાં આવેલ છે. મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં પણ ફાયર વિભાગ દ્વારા આ અંગે યોગ્ય પગલા લેવામાં આવશે તેવું ચિત્ર ઊભું થયું અત્યાર સુધી ફાયર વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી હતી તેમાં માત્રને માત્ર કોમર્શિયલ બિલ્ડીંગ ને ચકાસવામાં આવ્યા હતા પરંતુ હવે રહેણાંક બિલ્ડીંગ ને પણ તપાસવામાં આવશે અને હાલ તે મુજબની તમામ કામગીરીઓ હાથ ધરવામાં આવી રહી છે અને સજડ વ્યવસ્થા પાયલને લઈને ઊભી કરવામાં આવે તે માટેના તમામ પગલાંઓ પણ લેવામાં આવી રહ્યા છે. સમગ્ર કિસ્સામાં ફાયરને લઈને જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેમાં સ્થાનિકો દ્વારા સહેજ પણ જાગૃતિ કેળવવામાં આવતી ન હોવાની વાત સામે આવી હતી તો ઘણા ખરા બિલ્ડીંગોમાં હાલ કોઈ પણ પ્રકારની ફાયરની સામગ્રી મૂકવામાં આવી ન હોવાનું પણ માલૂમ પડ્યું છે જેને હવે દૂર કરવા માટે ફાયર વિભાગ દ્વારા તમામ સંભવત પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે.

### FIRE NOC માટે ત્રણ વખત મનપામા કરવામાં આવી હતી રજૂઆત : ડો.પ્રફુલ કામાણી

એટલાન્ટિસ બિલ્ડીંગ એસોસિએશનના પ્રમુખ ડોક્ટર પ્રફુલ કામાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે બંને રિંગ માટે મેનેજર દ્વારા એક વખત નહીં ત્રણ વખત ફાયર એનઓસી માટે અરજી કરવા માટે મહાનગરપાલિકાની કચેરીએ આવી પહોંચ્યા હતા પરંતુ સરકારી પોર્ટલ ખુલતું ન હોવાના કારણે તેમની અરજી સ્વીકારવામાં આવી ન હતી અને ત્યારબાદ ટીઆરપી અગ્નિકાંડ ની દુર્ઘટના પછી પણ કચેરી ખાતે ફાયર એનઓસી લેવા માટે ઘણી મથામણ કરવામાં આવી પરંતુ ત્યારે ફાયર વિભાગમાં કોઈ અધિકારી ન હોવાથી કામગીરી થઈ શકી નથી બીજી તરફ તેઓએ જણાવ્યું હતું કે હાલ બિલ્ડિંગમાં અધ્યતન અને મોંઘા દાટ ફાયરના સાધનો લાગેલા છે અને આગની દુર્ઘટના પછી જ્યારે ફરી અરજી કરવામાં આવી તો તેઓને ફાયર એનઓસી પણ આપી દેવામાં આવ્યું છે પરંતુ ભૂતકાળમાં ત્રણ વખત મહાનગરપાલિકાને ફાયર એનઓસી માટે અરજી કરવામાં આવી હતી તેવું એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું કે આ વર્ષે જ બિલ્ડીંગમાં ફાયર સેફટી માટે રૂ.સવા પાંચ લાખના સાધનો વસાવવામાં આવ્યા હતા અને રીફીલીંગ તથા રીન્યુ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. સોસાયટી દ્વારા સલામતીના તમામ પગલા રાખવામાં આવ્યા હતા.

# ક્લસ્ટર થકી માળખાકીય સુવિધા વિકસાવાશે:બચુભાઇ ખાબડ

## રાજયના કુલ ૨,૯૦૦ ગામોમાં ઘન કચરાનું ડોર ટૂ ડોર એકત્રીકરણ કરી નિકાલ કરવામાં આવશે : અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલ ૩,૧૮૯ ગ્રામ પંચાયત ઘર પૈકી, ૨,૯૩૯ નવીન ગ્રામ પંચાયતના કામો પૂર્ણ

રાજકોટ, તા. ૨૧

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના પંચાયત પ્રભાગ માટેની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં રજૂ કરતાં પંચાયત રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું કે, પૌરાણિક કાળથી પંચાયતની સંકલ્પના રૂપે ગામને મૂળભૂત એકમ તરીકે ગણવામાં આવે છે. ગ્રામ પંચાયતનું અસ્તિત્વ પણ તેટલું જ પૌરાણિક ગણાય છે. અથર્વ વેદ અને ઋગ્વેદમાં પણ તેનો ઉલ્લેખ મળી આવે છે. પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મોટા ગામો, શહેરી વિકાસ સત્તા મંડળની આસપાસના ગામો તથા તાલુકાના મુખ્ય મથક કે જ્યાં નગરપાલિકા ન હોય ત્યાં શહેરની સમકક્ષ આંતર માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરી શકાય તે માટે ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામો સાથે અન્ય ગામોને સાંકળી ક્લસ્ટર બનાવી માળખાકીય સુવિધા વિકસાવવા અંગેની નવી બાબત સૂચવવામાં આવી છે. તે માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૧૦૦.૦૦ કરોડની નવી જોગવાઈ કરવામાં છે. જે અંર્તગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ, લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રામ્ય રસ્તાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, ફૂટપાથ, બાગ બગીચા, ગ્રામ હાટ/બજારની સવલત ઉભી કરવા બાબત, કોમ્યુનિટી હોલ, સ્થાનિક કક્ષાએ રોજગારી પુરી પાડી શકાય તેવા કામો તેમજ સ્થાનિક કક્ષાએ જરૂરીયાત મુજબના કામો હાથ ધરી શકાશે.

ઈકો સેન્સિટીવ ઝોન (ESZ) તેમજ અન્ય કોઈ પ્રતિબંધ હોય તેવા ગામોમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે અમારી સરકાર કટિબધ્ધ છે. આવા ઈકો સેન્સિટીવ ઝોનવાળા ગામોના નાગરિકોને સારી સુવિધા મળે તે માટે વિકાસના કામો સૂચવવામાં આવ્યા છે. જેમાં (૧) બાયો ફેન્સીંગ (૨) ઈકો ટુરીઝમ (૩) ગૌચરની જમીનમાં ઘાસચારાનું ઉત્પાદન (૪) વાવાઝોડા તેમજ પૂરની સામે રક્ષણ મેળવવા કરવાના થતાં કામો (૫) પ્લાસ્ટીક મેનેજમેન્ટ યુનિટ (૬) સોલીડ વેસ્ટ મેનેજેમેન્ટ યુનિટ (૭) હોમ સ્ટે (૮) મીની મોલ (૯) વોક વે/સાયકલ ટ્રેક/વોટર બોડી ડેવલોપમેન્ટ તેમજ અન્ય જરૂરિયાત મુજબના કામો હાથ ધરી શકાશે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૩૫.૦૦ કરોડની નવી બાબત સૂચવવામાં આવી છે.

નગરપાલિકામાં વેસ્ટ પ્રોસેસીંગ યુનિટ હયાત નથી, ત્યાં ક્લસ્ટર લેવલ પર એકત્રિત કરવામાં આવેલ જૈવિક કચરા માટે કંમ્પોસ્ટ પીટ અને અજૈવિક કચરાનો નિકાલ માટે રીસાયક્લીંગ તથા પુનઃ વપરાશ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. રાજ્યમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા જે નગરપાલિકામાં વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ નથી, ત્યાં વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ બનાવવા અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે. પ્રોસેસિંગ યુનિટ તૈયાર થયા બાદ તે નગરપાલિકા વિસ્તારના આસપાસના ગામોમાં ઘન કચરાના વ્યવસ્થાપન અંગેની કાર્યવાહી કરવામાં આવશે. રાજયના ગામો સ્વચ્છ અને સુંદર બને તે માટે નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬માં રૂ. ૩૩૦.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬ થી નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ બનાવવા માટે યોજના અમલમાં મુકેલ છે. પંચાયત વિભાગના ઠરાવથી ગ્રામ પંચાયત ઘર નવીન મકાન બાંધકામ માટે ૫,૦૦૦ થી ઓછી વસ્તી માટે રૂ. ૧૭.૦૦ લાખ, ૫૦૦૦ થી ૧૦૦૦૦ વસ્તી માટે રૂ. ૨૨.૦૦ લાખ અને ૧૦,૦૦૦ થી વધુ વસ્તી માટે રૂ. ૨૭.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. ૧૫માં નાણાપંચ થકી રાજ્યની ત્રણેય સ્તરની પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૨૫૭૯.૨૭ કરોડ ઉપરાંત નોંધપાત્ર રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. આ રકમ પૈકી ૭૦% રકમ ગ્રામ પંચાયતને, ૨૦% રકમ તાલુકા પંચાયતને તેમજ ૧૦% રકમ જિલ્લા પંચાયતને મળનાર છે.

આ રકમ સીધે સીધી જે તે પંચાયતના ખાતામાં જમા કરવામાં આવે છે. આ ઉપરાંત ૧૫માં નાણાપંચ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ માંથી ૬૦ ટકા ગ્રાન્ટ ટાઇડ ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવે છે. જેમાં પીવાના પાણીના કામો અને સ્વચ્છતાના કામો લેવામાં આવે છે. તેમજ બાકીની ૪૦ ટકા ગ્રાન્ટમાંથી વિકાસના અન્ય કામો માટે અનટાઇડ ગ્રાન્ટ રૂપે ફાળવવામાં આવે છે.

# વાપી નજીકથી ૧.૨૬ કરોડના ડ્રગ્સ સાથે બે નાઈજીરિયન ઝડપાયા

## સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ૨૫૨ ગ્રામ ડ્રગ્સ કર્યું કબજે : બે ની શોધખોળ શરૂ

રાજકોટ મિરર, તા.૨૧

ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વાપી નજીકથી બે નાઈજીરિયન શખ્સોને રૂ. ૧,૨૬,૨૨,૨૦૦ના ડ્રગ્સ સાથે પકડી પાડી ડ્રગ્સ મોકલનાર અને મંગાવનારની શોધખોળ ઓઅદારી છે.

મળતી વિગતો મુજબ વિકાસ સહાય પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ધ્રારા રાજયમાં એન.ડી.પી.એસ.ની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ઉપર વોચ-તપાસ રાખી, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કેસો શોધવા સુચના કરવામાં આવેલ, તે અંતર્ગત નિર્લિપ્ત રાય, , નાયબ પોલીસ મહાનિરીક્ષક, સ્ટેટ મોનીટરીંગ સેલની સીધી સુચના અને સુપરવિઝન હેઠળ તથા કે.ટી.કામરીયા, નાયબ પોલીસ અધિક્ષક, સ્ટેટ મોનીટરીંગ સેલના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રગ્સ હેરાફેરી અંગે બાજ નજર રાખી, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કેસો શોધવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને આદેશો અપાયા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ સી.એચ.પનારાની ટીમને બાતમી મળી હતી કે, સાંજના બે નાઈજીરીયન શખ્શ ટેક્ષી પાર્સીગ કારમાં પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો મુંબઈ, મહારાષ્ટ્રના વસઈ, નાલા સોપારા ખાતેથી લઈ ૫થી ૭ વાગ્યાના ગાળામાં વાપી ખાતે કરમબેલા નેશનલ હાઈવે નં-૪૮ ની બાજુમાં આવેલ રેલ્વે ઓવરબ્રીજની નીચે કોઈક ઈસમને આપવા આવનાર છે.

આવી માહિતી આધારે પીઆઈ વી.સી.જાડેજાની ટીમે બે સરકારી પંચો સાથે વોચ ગોઠવી હતી. દરમ્યાન કલાક ૬-૩૦ વાગ્યાના અરસામાં બાતમી મુજબના નાઈજીરીયન શખ્સો સાથેની એક સફેદ કલરની હ્યુન્ડાઈ ઓરા ટેક્ષી પાર્સીંગ કાર ભીલાડ તરફથી કરમબેલા નેશનલ હાઈવે નં-૪૮ ની બાજુમાં આવીને રેલ્વે ઓવરબ્રીજની નીચે આવી ઉભી હતી. આવા સમયે કારને કોર્ડન કરી રહેતા. તેને કોર્ડન કરી, (૧) કેલીચીકુ એજે ફ્રાન્સીસ(ઉ.વ.૪૦,રહે.નાલા સોપારા, રેલ્વે સ્ટેશન આસપાસ ફુટપાથ ઉપર, તા.વસઈ, જિ.પાલઘર(મહારાષ્ટ્ર મુળ રહે.સિલ્વર બિલ્ડીંગ, ઉડીલે કકોકા સ્ટ્રીટ, લેગોસ, નાઈજીરીયા) તેમજ અકીમવાનમી તાઈવો ડેવીડ ( ઉ.વ.૨૮, રહે.જય માતાદી બિલ્ડીંગ, ૯૦ ફૂટ રોડ,

નાલા સોપારા, તા.વસઈ, જિ.પાલઘરમહારાષ્ટ્ર મુળ રહે.લેગી ગાર્ડન ફેસ-૧, લેગોસ આઈલેન્ડ,) એમ બંને શખ્શોની પૂછપરછ અને કારની તેલાસી લેવાતા તેમાંથી રૂ. ૧.૨૬,૦૭,૦૦૦નું ૨૫૨.૧૪ ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું.

ઓપરેશન દરમિયાન પોલીસે રોકડ ૫,૨૦૦, રૂ.૧૦ હજારના બે મોબાઈલ મળી કુલ રૂપિયા

૧ કરોડ, ૨૬ લાખ, ૨૨ હજાર, ૨૦૦ના મુદ્દામાલ સાથે બંને નાઈજીરિયનપકડી પાડી, વિધિવત અટક કરી, સ્ટેટ મોનીટરીંગ સેલની ગાંધીનગર સ્થિત કચેરીએ લાવી, સ્ટેટ મોનીટરીંગ

સેલ પોલીસ સ્ટેશનમાં નાર્કોટીક

### મુંબઈના ચાચુંએ આપ્યું હતું ડ્રગ્સ

સ્ટેટ મોનીટરીંગ સેલના જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત બને નાઈજીરીયન આરોપીઓની પુછપરછમાં બહાર આવ્યું હતું કે, મુંબઈ ખાતે રહેતો ચાચુ નામના ઈસમએ ઉપરોક્ત પ્રતિબંધિત માદક પદાર્થ ડ્રગ્સનો જથ્થો વાપી ખાતે મોકલેલ હોવાનું કબુલ્યું હતું. પોલીસે પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો મોકલનાર ચાચુ નામનો માણસ, વાપી ખાતે ડ્રગ્સનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખ્સને ઉપરોક્ત ગુનામાં વોન્ટેડ જાહેર કરી, ઉપરોક્ત ગુનાની ઊંડાણપૂર્વક તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. પી.પી.બ્રહ્મભટ્ટને સોંપવામાં આવેલ છે.પોલીસે એવું પણ જણાવ્યું હતું કે, કેલીચીકુ એજે ફ્રાન્સીસ અગાઉ પણ મુબ્રા પોલીસ સ્ટેશન, થાણે, મુંબઈ ખાતે ૨૦૨૨માં નારકોટીક્સના ગુનામાં પકડાયો હોવાનું અને જાન્યુઆરી-૨૦૨૫ માં જ જામીન મુક્ત થયેલ છે. આગામી સમયમાં પ્રતિબંધિત નાર્કોટીક્સ ડ્રગ્સની પ્રવૃત્તિને નાબુદ કરવા માટે આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂદ્ધ સ્ટેટ મોનીટરીંગ સેલ ધ્રારા સક્રિય કામગીરી ચાલુ જ રાખવામાં આવશે તેવું સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ અધિક્ષક કે.ટી.કામરીયાએ જણાવ્યું હતું.

ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ-૧૯૮૫ની કલમ-૮(સી), ૨૨(સી) તથા ૨૯ મુજબ તા.૨૦ના રોજ ગુન્હો દાખલ કરાયો હતો. આ બંનેને રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરાતા કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.



# વિપ્ર પરિવારના ગૂમ થયેલા કિશોરનો માતા-પિતા સાથે મિલન કરાવતી પોલીસ

## અમદાવાદ શહેર જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વટવા પીઆઈ પી.બી. ઝાલા, પીએસઆઈ કુલદીપ પટેલ, હે.કો. અશોકભાઈ, ધર્મદીપસિંહ, પો.કો. ભરતભાઈ, રવિભાઈ, રણજીતસિંહ, યશપાલસિંહ, એઝાઝખાન, સહિતની ટીમે પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું કર્યું સાબિત




રાજકોટ મિરર, તા.૨૧

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, સેક્ટર ૦૨, સંયુક્ત પોલીસ કમિશનર જયપાલ સિંહ રાઠોડ, નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૬ રવિ મોહન સૈની દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને ''પોલીસ પ્રજાનો મિત્ર છે'' એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા તમામ પોલીસ અમલદારોને સૂચના અપાઈ છે.

તા. ૨૦.૦૩.૨૦૨૫નાં રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પારિજાત સોસાયટી, ન્યુ વટવા રિંગ રોડ, ખાતે રહેતા અજયભાઈ રામેશ્વર પ્રસાદ જોશી દ્વારા પોલીસ સ્ટેશન ખાતે સાંજના આવી, ગભરાયેલા સ્વરે જાણ કરવામાં આવેલ કે, તેમનો સગીર વયનો દીકરો યુવરાજ ઉવ. ૦૯ ને રમવા બાબતે ઠપકો આપતા, સાંજના પાંચ વાગ્યે ઘરેથી ચાલતા નીકળી ગયેલ અને અત્યાર સુધી પરત આવેલ નથી.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈને અમદાવાદ શહેર જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વટવા પીઆઈ પી.બી.ઝાલા, પીએસઆઈ કુલદીપ પટેલ, સ્ટાફનાં હે.કો. અશોકભાઈ, ધર્મદીપસિંહ, પો.કો. ભરતભાઈ, રવિભાઈ, રણજીતસિંહ, યશપાલસિંહ, એઝાઝખાન, સહિતની પોલીસ ટીમ દ્વારા તાત્કાલિક અજયભાઈ જોશીને મોબાઈલમાં સાથે રાખી, સીસીટીવી ફૂટેજ આધારે તેમજ સોશિયલ મીડિયામાં મેસેજ કરી, હ્યુમન સોર્સિસ આધારે આશરે બે કલાકની જહેમત બાદ ગણતરીના સમયમાં ગુમ થયેલ યુવરાજ ઉવ. ૦૯ ને ગુરુપ્રસાદ ચાર રસ્તા ખાતેથી શોધી કાઢી, તેઓના પરિવારજનો સાથે મિલન કરાવવામાં આવેલ હતું. પરિવારજનોને પોતાનો સગીર દીકરો મળતા, ભાવ વિભોર થઇ ગયેલ હતા.

મળી આવેલ યુવરાજ ઉવ. ૦૯ નામના છોકરાને વટવા પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા પોતાના દીકરા તરીકે રાખી, પૂછપરછ કરવામાં આવતા, પોતાને રમવા બાબતે પોતાની માતા અવાર નવાર ખીજાતા હોઈ, ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ અને ફરતા ફરતા ગુરુકૃપા ચાર રસ્તા પહોંચી ગયેલ હોવાની હકીકત જણાવેલ હતી. ઘરેથી નીકળી ગયેલ છોકરાને અમદાવાદ શહેર પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી અને સમયસૂચકતા કારણે પરિવાર સાથે મિલન કરાવતા, વટવા પોલીસ સ્ટેશન ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા. ગુરુકૃપા ચાર રસ્તા ખાતેથી મળી આવેલા યુવરાજ ઉવ. ૦૯ ના પરિવારજનો દ્વારા અમદાવાદ શહેર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસે પણ પોતાના સંતાનોની સાર સંભાળ રાખવા સલાહ આપી હતી.

દરમિયાન અમદાવાદ શહેરના સંયુક્ત પોલીસ કમિશ્નર જયપાલ સિંહ રાઠોડ અને નાયબ પોલીસ કમિશ્નર રવિ મોહન સૈનીનાં માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ દ્વારા મળી આવેલ સગીર બાળકને તેના પરિવારજનો સાથે મિલન કરાવી, સેવા કાર્ય કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર અમદાવાદ શહેર પોલીસએ સાર્થક કર્યું હતું.

### ગીરસોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના

# બોળાશ ગામની સીમમાંથી કેમીકલ બનાવતી બોગસ ફેકટરી ઝડપાઈ

## ગીર સોમનાથ એસ.ઓ.જી.પોલીસે એસીડ, ફિનાઈલ, ક્લીનર ભરેલી, રૂ.૬૯૯૭૧ ની ૧૬૩૭ બોટલ કરી કબજે



રાજકોટ મિરર, તા.૨૧

ગીર સોમનાથ જીલ્લાની એસઓજી પોલીસે વેરાવળ તાલુકાના બોળાશ ગામે બાતમીના આધારે દરોડો પાડી ગેરકાયદે ધમધમતી કેમિકલની ફેક્ટરી પર છાપો મારી, રૂ.૬૯,૯૭૧ની ફિનાઈલ, ક્લીનર અને એસીડ ભરેલી ૧૬૩૭ બોટલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ નિલેશ જાજડીયા, પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ, ગીર સોમનાથ જીલ્લાના એસપી મનોહરસિંહ જાડેજા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સબબ અસામાજીક પ્રવૃતિ કરતા તત્વો વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવા સુચના આપી હતી. તે અન્વયે એસ.ઓ.જી. ગીરસોમનાથના ઇન્ચાર્જ પીઆઈ એન.એ. વાઘેલા, સ્ટાફના દેવદાનભાઈ કુંભરવાડીયા, મેરામણભાઈ શામળા એ.એસ.આઇ., વિપુલભાઇ ટીટીયા પો.હેડ કોન્સ., કૈલાશસિંહ બારડ, મહાવિરસિંહ જાડેજા પો.કોન્સ. વિગેરે સ્ટાફ દ્વારા તા.૨૧/૦૩/૨૦૨૫ ના એસ.ઓ.જી. લગત કામગીરી સબબ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન બોળાશ ગામની લક્ષ્મીવાવ સીમ વિસ્તારમાંથી ઓ-રીઅલ નામની નોંધણી વગરની કેમીકલ બનાવતી બોગસ ફેકટરી ખાતેથી સંચાલક ભાવેશ ઉર્ફે ભરત બાબુભાઇ જેઠવા રહે.મેઘપુર વાળાએ બીલ વગરનુ હાઇડ્રો કલોરીક એસીડ તથા અન્ય મટીરીયલ મંગાવી તેમાથી અલગ અલગ એસીડ,વાઇટ, બ્લેક ફીનાઇલ, ગ્લાસ કલીનર, ટોયલેટ કલીનર જેવી અલગ અલગ કેમીકલની બોટલો બનાવી જેના ઉપર ઓ-રીઅલ કંપનીનો ૧૫૩૦ લેબલીંગ અને પેકીંગ કરી ગે.કા. વેચાણ કરતા જણાતા પી.જી.વી.સી.એલ./ જી.પી.સી.બી./તોલમાપ અને ઇન્ડીસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગને જાણ કરી સ્થળ પર બોલાવી

કાયદેસરની કાર્યવાહી કરી નીચે જણાવ્યા મુજબનો હાઇડ્રો કલોરીક એસીડ, ફીનાઇલ, કેમીકલ તથા અન્ય મટીરીયલ વિગેરેનો જથ્થો મળી આવતા કબજે કરી ફેક્ટરી ચલાવતા શખ્સો સુધી પહોંચવા પોલીસે કવાયત આદરી છે.

# રૂ.૪.૨૦ લાખની ઘરફોડીનો તસ્કર ઝડપાયો

## રૂ. ૧.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૨૧

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, જેસીપી, સેક્ટર-૦૨ જયપાલ સિંહ રાઠોડ અને નાયબ પોલીસ કમિશ્નર, ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા મિલકત વિરુદ્ધના ગુન્હાઓ શોધી કાઢવા અને ગંભીર ગુન્હાઓ અટકાવવા હાલમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા કોમ્બીંગ અને વાહન ચેકીંગ કરવા અમદાવાદ શહેરના તમામ પોલીસ અમલદારોને સૂચનાઓ અપાઈ હતી.

અમદાવાદ શહેરના ઈસનપુરમાં, ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ગત તા. ૦૭/૦૩/૨૦૨૫ ના રાત્રે ૧૨:૦૦ વાગ્યાથી સવારે ૫:૩૦ વાગ્યા દરમિયાન ફરિયાદી અલય રસેશ જાતે શાહ (ઉ.વ. ૪૧, રહેઃ મ.નં. ૦૮, મહેચ્છા સોસાયટી, ઈસનપુર બસ સ્ટેન્ડ પાસે, ઇસનપુર, અમદાવાદ શહેર)ના રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા ચોર દ્વારા પ્રવેશ કરી, તેમના ઘરમાં રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના વિવિધ દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ કિંમત રૂ. ૪,૨૦,૧૦૦/-ના મુદ્દામાલની ઘરફોડ ચોરી થયેલ હતી. આ બનાવ અંગે અલય રસેશ જાતે શાહ દ્વારા ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધાવતા, ઈસનપુર પીઆઈ બી.એસ.જાડેજા તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી....

અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક ઈસનપુર પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એસ.જાડેજા, ડી સ્ટાફના પીએસઆઇ એન.આર.સોલંકી તથા સ્ટાફના હે.કો. રમેશભાઈ, પો .કો. દિનેશકુમાર, સંજયભાઈ, યુવરાજસિંહ સહિતની શસ્ત્ર પોલીસ ટીમ દ્વારા સઘન ચેકીંગની કાર્યવાહી દરમિયાન અમદાવાદ શહેરમાં રાખવામાં આવેલ સીસીટીવી આધારે આરોપીની ઓળખ કરી તથા બાતમીદાર થી મળેલ માહિતી આધારે આરોપી ભાવેશ રાણાભાઈ જાતે મકવાણા ઉવ. ૨૨ રહે. એફ/૫૯, બળિયાદેવની ચાલી, ગરીબનગર, પરશોત્તમ કુંભારની ચાલી, બહેરામપુરા, અમદાવાદ શહેર મૂળ વતન ગામ સરકારપુરા, તા. રાધનપુર, જિ. પાટણની ધરપકડ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ મુદામાલ રોકડ તથા સોનાની વીંટી સહિતનો મુદામાલ કુલ કિંમત રૂ. ૧.૯૧ લાખ કબ્જે કરાયા છે.

અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક ઈસનપુર પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એસ. જાડેજા, ડી સ્ટાફના પીએસઆઇ એન.આર.સોલંકી તથા સ્ટાફની પોલીસ ટીમ દ્વારા આ ગુન્હામાં પકડાયેલ આરોપી ભાવેશ રાણાભાઈ જાતે મકવાણાની પૂછપરછ કરવામાં આવતા, પોતાને રૂપિયાની જરૂરિયાત હોવાથી ગુન્હો કારેલાની કબૂલાત કરવામાં આવેલ હતી. આરોપી ભાવેશ રાણાભાઈ જાતે



મકવાણા બાબતે પોકેટ કોપ એપ્લિકેશન આધારે સર્ચ કરતા, ભૂતકાળમાં સને ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન ઘરફોડ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડીથી અમદાવાદ શહેરના કાગડાપીઠ, પાલડી, ખોખરા, ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરી, લૂંટ અને મારામારીના આઠ ગુનાઓમાં મળી, કુલ આઠ જેટલા ગુન્હાઓમાં પકડાયેલ ગુન્હેગાર હોવાની વિગતો જાણવા મળેલ છે. ઈસનપુર પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એસ.જાડેજા, પીએસઆઈ એન. આર.સોલંકી તથા સ્ટાફ દ્વારા આરોપીની ધરપકડ કરી, સઘન પૂછપરછ હાથ ધરી, આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ભૂતકાળમાં હજુ વધુ બીજા કોઈ ગુન્હા આચારેલા છે કે કેમ ? કોઈ ગુન્હામાં પકડાયેલ કે વોન્ટેડ છે કે કેમ? વિગેરે મુદ્દે વધુ પૂછપરછ હાથ ધરવામાં આવેલ છે.

### સુરતમાં પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત દ્વારા જેટ ગતિએ કાર્યવાહી

# પત્રકાર સહિત ૧૭ સામે પાસા, ૧૬ને કરાયા તડીપાર

## માત્ર લિસ્ટ નહિ.. સીપીનાં આદેશ મુજબ ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહીઃ PI આર.એસ સુવેરા

રાજકોટ મિરર, તા. ૨૧

રાજ્યના મુખ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકમાં રીઢા ગુનેગારોની યાદી તૈયાર કરી તેની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આપેલા આદેશમાં સુરત પોલીસની ત્વરિત કાર્યવાહી, કામગીરીની નોંધ ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા સરાહના કરાઈ છે. ૧૦૦ કલાકમાં ફકત લિસ્ટ જ નહિ પીસીબી બ્રાન્ચ દ્વારા પોલીસ કમિશનર અનુપમસિહ ગેહલોતનાં આદેશ અને માર્ગદર્શન મુજબ ૧૦૦ કલાકમાં એક પત્રકાર સહિત અઢાર સામે પાસા અંતર્ગત કાર્યવાહી અને ૧૬ લોકોને તડીપાર કરાયા છે, પીસીબીના પીઆઇ આર.એસ. સુવેરાએ વધુ વિગતો આપી હતી કે, જે પત્રકાર વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ છે તેમની સામે ખોટા ન્યૂઝ પ્રસિદ્ધ કરી બ્લેમેઇલ કરવાના આરોપ હતા, જેની ઊંડી તપાસ બાદ કાર્યવાહી કરાઈ હોવાનું પીઆઇ સુવેરાએ જણાવ્યું હતું.આ સિવાય બોગસ મેડિકલ સર્ટિફિકેટ બનાવી આપનારનો પણ સમાવેશ છે. વિવિધ વિસ્તારનાં રીઢા



સુરતના પોલીસ કમિશ્નર અનુપમ સિંહ ગેહલોત અને પીસીબીના પીઆઈ સુમેરા દેખાય છે

ગુનેગારો અંગે પોલીસ કમિશનર જાતે ફિલ્ડમાં જાય છે અને જવાબદાર સાથે ચર્ચા કરી આવી યાદી તુરંત ત્યાર કરાવતા હોવાથી ખૂબ ઝડપ આવે છે.

ચાલુ વર્ષમાં ભયજનક તત્વો, વ્યાજખોરો વિગેરે મળી ૨૦૫ અસામાજિક તત્વોને વિવિધ જેલમાં મોકલ્યા છે. ખૂબ વ્યસ્ત હોવા છતાં લોકોની સમસ્યા શાંતિથી કમિશ્નર કક્ષાએ સંભળાતી હોવાની બાબત, મોટા માથાઓની ગેર કાયદે મિલકત પર બુલ ડોઝર, હથોડા ઝીંકવા વિગેરે બાબતથી સામાન્ય લોકો દ્વારા ખૂબ વિશ્વાસપુર્વક માહિતી મળે છે. તે તમામમાં નિષ્પક્ષ દ્વારા વેરીફાઈ કરવા આખી સીસ્ટમ સીપી દ્વારા ગોઠવાઈ હોવાથી કામગીરી ખૂબ વ્યવસ્થિત અને ઝડપી રીતે થાય છે.

# આજે ગોંડલ શહેર બંધનું પાટીદાર સમાજનું એલાન

## ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા અને ધારાસભ્ય જયેશ રાદડીયાએ હોસ્પિટલમાં ભોગબનનાર સગીરની મુલાકાત લીધીઃકહ્યુ અમે પાટીદાર સમાજ ની સાથે છીએઃબીજી બાજુ સગીર દ્વારા જાતીય સતામણીનો ભોગ બનેલા બાળકનાં સમર્થનમાં ક્ષત્રીય સમાજ દ્વારા સર્વ જ્ઞાતિ સંમેલન યોજી મામલતદાર ને આવેદનપત્ર આપ્યુંઃબનાવ ને જ્ઞાતિવાદ કે રાજકીય રંગ નહી આપવા માર્મિક ચિમકી આપીઃ



ગોંડલ તા.૨૧

ગોંડલ માં સગીર ને ધોકાવડે માર માર્યાની ઘટના એ ગોંડલ નો માહોલ ગરમ કર્યો છે.બનાવ ને લઈ ને પાટીદાર સમાજ દ્વારા આવતીકાલે ગોંડલ બંધનું એલાન અપાયુછે.તો બીજી બાજુ સગીર દ્વારા બાળક ની જાતીય સતામણી થઇ હોય તેના સમર્થન માં ક્ષત્રીય સમાજ દ્વારા લાલ પુલ પાસે આવેલા રાજપુત ભવન ખાતે સર્વ સમાજ ની બેઠક બોલાવી બનાવ ને જ્ઞાતિવાદ નો રંગ અપાયાનું જણાવી રોષ વ્યક્ત કરાયો હતો.બાદ માં વિશાળ સંખ્યામાં મામલતદાર કચેરીએ પંહોચી બનાવ અંગે તટસ્થ તટસ્થ તપાસ કરી સત્ય બહાર લાવવા માંગ કરી આવેદનપત્ર અપાયુ હતુ.માર મારવાની ઘટના બાદ સગીર ને કૃષ્ના હોસ્પિટલ માં દાખલ કરાયો હોય ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઇ બોઘરા તથા જેતપુર નાં ધારાસભ્ય જયેશભાઇ રાદડિયા હોસ્પિટલ દોડી જઇ સગીર નાં ખબર અંતર પુછી તેના પરિવાર ને સાંત્વના આપી હતી.બાદ માં બન્નેએ જણાવ્યુ હતુ કે સગીર ને માર મારવાની ઘટના નિંદનીય છે.જેને વખોડી કાઢીએ છીએ.અને અમે પાટીદાર સમાજ સાથે છીએ. સમગ્ર મામલા માં ઘટતી કલમો નો ઉમેરો કરાશે.

આરોપીઓ સામે કડક કાર્યવાહી થાય તે માતે ગૃહમંત્રી તથા મુખ્યમંત્રીને રજુઆત કરીશુ ગુંડાઓની કોઈ જાત હોતી નથી. આ બનાવ માં જ્ઞાતિવૈમનસ્ય ના થાય એ જોજો.બન્ને આગેવાનો એ ઉપસ્થિત પાટીદાર આગેવાનો સાથે બેઠક કરી હતી.આ સમયે જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા પણ સાથે રહ્યા હતા.બીજી બાજુ રાજપુત ભવન ખાતે સર્વ જ્ઞાતિઓ ને સાથે રાખી ક્ષત્રીય સમાજ દ્વારા બેઠક નુ આયોજન કરાયુ હતુ.જેમાં જ્ઞાતિ વિગ્રહ માટેની બેઠક નથી તેવી સ્પષ્ટતા કરાઇ હતી.અને સગીર દ્વારા બાળક ને છેલ્લા એક મહીનાથી જાતીય સતામણી કરી હેરાન કરાઇ રહ્યો હતો તેના સમર્થન માં બધા એકત્રીત થયાનુ જણાવાયુ હતુ.તેમ છતા બનાવ ને જ્ઞાતિવાદ નો રંગ લગાવાયો હોય રોષ પણ વ્યક્ત કરાયો હતો. જે બાળક ની સતામણી કરાઇ હતી તે સત્યજીતસિહ નાં મામા ત્રાપજ ના પ્રતિપાલસિંહ ગોહેલે મારો ભાણેજ એક મહીનાથી માનશીક યાતના ભેગવતો હતો.બન્ને સગીરો દ્વારા નશો કરી જાતીય સતામણી કરાતી હતી.ભાણેજ ને ડરાવીને નશો કરવા આ બન્ને દ્વારા દબાણ કરાતુ હતુ.મારા માશુમ ભાણેજને ન્યાય મળવો જોઈએ તેવુ જણાવ્યુ હતુ. રવિરાજસિંહ જાડેજાએ ઉગ્ર ભાષામાં કહ્યુ કે રાજુ સખીયા આ ઘટનામાં રાજકીય રંગ સાથે કોમવાદ ફેલાવી રહ્યોછે.પટેલ સમાજ તથા દરબાર સમાજ વચ્ચે પોંખવાના નાં પારીવારીક સબંધો વરસોથી ચાલ્યા આવુછે.ત્યારે રાજુ સખીયા જેવા તત્વો સામે પગલા લેવા જોઈએ. તેમણે કહ્યુ કે નાગડકાનાં કોઈ પણ રસ્તે આવવા તૈયાર છીએ.

એડવોકેટ નરેન્દ્રસિંહ ઝાલાએ કહ્યુ કે જેમને આરોપી બનાવાયા છે તે મયુર સોલંકી ઘણા વરસો થી સંગ્રામસિંહ હાઈસ્કૂલ નાં ગ્રાઉન્ડ માં ૩૦૦ બાળકોને ક્રિકેટ શિખવેછે.પાછલા ગ્રાઉન્ડ માં દારુ ગાંજો વેંચાય છે અને પીવાય છે.આવા માહોલ માં મયુર સોલંકી ક્રિકેટ કોચ તરીકે કામ પણ કરેછે અને ક્રિકેટ શિખતા બાળકોનુ રક્ષણ પણ કરેછે. શુ આ માણસ ગુનેગાર હોય તેવો સવાલ કરી નરેન્દ્રસિંહે કહ્યુ કે એક પિતા તરીકે તેનુ બાળક જાતીય સતામણીનો ભોગ બનતુ હોય તો મયુરસિંહ ઝાલા શુ કરે ? સત્ય સમજવુ જોઈએ અને સમાજ સામે મુકવુ જોઈએ જેથી બીજા બાળકો ભોગ નાં બને.

પાટીદાર મીટીંગમાં દરબારોને ગુંડા કહેવાયા અને એક પરીવારને બદનામ કરવા પ્રયત્ન કરાયા.શું ગોંડલમાં પટેલો અને દરબારો દુશ્મન છે ? આ ગોંડલની શાંતિ ડહોળવાની હીન ચેષ્ટાછે.જો ગોંડલમાં ગુંડારાજ હોય તો આજે અહી આટલો સમાજ એકઠો ના થાય તેવુ કહી નરેન્દ્રસિંહ ઝાલાએ કટાક્ષ કર્યો કે આજે બે કદાવર નેતાઓએ હોસ્પિટલ જઇ મુલાકાત લીધી કારણ કે તે પાટીદાર છે.પણ માનશીક પીડા જે બાળકે ભોગવી તેનુ શુ ? તેવો સવાલ ઉઠાવ્યો હતો.હાલ મીડીયામાં જેવુ બતાવાઈ રહ્યુછે વાસ્તવમાં તેવુ નથી.સત્ય જાણવુ જોઈએ, ભરુડીનાં ઇન્દ્રજિતસિહ ઝાલાએ પાટીદાર મીટીંગ માં વક્તવ્ય આપનાર પિન્ટુભાઈ સાટોડીયાને આડે હાથ લઈ કહ્યુ કે આ ભાઇ ગોવાનાં કલબો ચલાવેછે.મકાન પણ ગેરકાયદેસર છે. જયરાજસિહ નો પરીવાર લોકોનાં કામ કરેછે.જયરાજસિહ છે તો ગોંડલ ની સુખ શાંતિછે તેવુ જણાવ્યુ હતુ. બેઠક બાદ વિશાળ સંખ્યામા રેલી સ્વરુપે મામલતદાર કચેરીએ જઈ આવેદનપત્ર અપાયુ હતુ.

(ફોટો લાઈન : ગોંડલ-ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય જયેશ રાદડીયા, જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા સહીત આગેવાનોએ હોસ્પિટલમાં સગીરની મુલાકાત લીધી

**(ફોટો -જીતેન્દ્ર આચાર્ય)**

# સેન્ટ્રલરાઈઝ કિચન''ના લોધિકા પંથકમાં ઉગ્ર વિરોધ

## મામલતદારને અપાયું આવેદનપત્ર : પી.એમ. પોષણ યોજનાના કેન્દ્ર સંચાલકોને બેરોજગાર કરવાનો કારસો ?



રાજકોટ મિરર, ખીરસરા રણમલ, તા.૨૧

રાજ્યના ૭૨ તાલુકામા પી.એમ.પોષણ યોજનાનુ સેન્ટ્રલરાઇઝ કિચનના નામે ખાનગીકરણ કરી યોજનાનુ સંચાલન ખાનગી સંસ્થાને સોપવાની તૈયારીઓ સરકાર દ્વારા કરવામાં આવતી હોય, ૧૯૮૪થી આ યોજના સાથે જોડાયેલા અનેક મહિલાઓ, પુરુષો સંચાલક, રસોયા મદદનીશોને બેરોજગાર બની જાય તેવા સરકારના પ્રયાસોથી ચારેબાજુ રોષ ફાટી નીકળ્યો છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ૨૦૨૫/૨૬ના રજુ કરેલા બજેટમાં ૭૨ તાલુકામાં પી.એમ. પોષણ યોજનાના કેન્દ્રોને સેન્ટ્રલરાઇઝ કરી યોજનાને ખાનગીકરણ કરી સ્વેચ્છિક સંસ્થાને સોંપવાની જાહેરાત કરી છે. તેને ઓલ ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળે વખોડી છે.

તેમજ બાળકોને દરરોજ શાળા સંકુલમાં જે ગરમા ગરમ ભોજન પિરસવામાં આવે છે તેના બદલે સેન્ટ્રરલાઇઝ કિચન યોજના અમલમાં આવે તો ભૌગોલિક દ્રષ્ટિએ એક સેન્ટ્રરલાઇઝ કિચન રસોડાથી તેમા આવરી લેવામાં આવેલ શાળાઓ દુર થતી હોય, ભોજન સામગ્રી રસોઈ વહેલી તૈયાર કરવી પડે જેને એક શાળાથી બીજી શાળાએ પહોચતા સમય લાગે ત્યારે રસોઈ ઠંડી પડી જવાની સંભાવના નકારી શકાતી નથી. સુપ્રિમ કોર્ટના નિર્દેશન મુજબ દરેક બાળકને તાજો રાંધેલ ગરમાગરમ ખોરાક આપવા સુચન કરાયું છે ત્યારે બાળકો સામે જોઇને સરકાર યોગ્ય કરે તેવી માંગ થઇ છે.